
વર્ષ : ૩૯ ◆ અંક : ૫
મે - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



પરમકૃપાળુદેવ
શ્રીમદ્ રાજચંદ્રજી

## નિર્વાણમાર્ગનું રહસ્ય

(વચનામૃત પત્રાંક - ૧૭૨)

(૧) નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;

(૨) સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું;

(૩) સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;

(૪) સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું;

(૫) સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું;

(૬) તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં;

(૭) તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર મુકામે જિનાલયની શિલાન્યાસવિધિ વેળાની તસવીરો (તા. ૨-૪-૨૦૧૫)





પગલાં સંતોના જ્યાં થાય,
જીવન ધન્ય ધન્ય બની જાય !

## સંસ્થામાં પૂજ્યશ્રી રાકેશભાઈના શુભ આગમન વેળાએ (તા. ૧૮-૪-૨૦૧૫)









-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) નામસ્મરણનો મહિમા ..... પૂ.શ્રી આત્માનંદજી ..... ૭

(૩) પ્રત્યેક પ્રભાતે નવો સૂર્યોદય ................ ..................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૧

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .. પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૬

(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૦

(૭) સમ્યગ્દર્શન ...............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૬

(૮) દશિ શક્તિ .............શ્રી વલભજી હીરજી .... ૨૮

(૯) જીવનમાં કોઈ ઉદ્દેશ નક્કી છે ? ............ ...... પૂ.આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મ.સા. .... ૨૯

(૧૦) ભવાંતરની ગતિ ......... શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૩૧

(૧૧) વિશિષ્ટ ધ્યાનપદ્ધતિ ....................... ............ સંકલન : શ્રી વસંતભાઈ ખંધાર .... ૩૩

(૧૨) બાળવિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪

(૧૩) Yuva Times .................................................. ૩૬

(૧૪) સમાજ-સંસ્થા દર્શન .......................... ૩૭

**વર્ષ : ૩૯** **મે, ૨૦૧૫** **અંક - ૫**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આજે ‘અપૂર્વ અવસર’નું શ્રવણ કરતાં અમારા મનમાં એવો ભાવ ઉદ્ભવ્યો હતો કે જેવો ભાવ એ કાવ્યના સર્જન સમયે આપને ઉદ્ભવ્યો હતો. એ પરમપદની પ્રાપ્તિનું ધ્યાન આપે કર્યું હતું અને એને પ્રાપ્ત કરવા માટે આપે પ્રબળ પુરુષાર્થ પણ પ્રારંભ્યો હતો અને અતિ અલ્પસમયમાં એ લક્ષ્ય સુધી લગભગ આપ પહોંચ્યા પણ હતા ! આપે તો પુરુષાર્થનું સામર્થ્ય સિદ્ધ કરી બતાવ્યું. અમને પણ એવો પુરુષાર્થ કરવાનું મન તો થાય છે, પરંતુ દૃઢનિશ્ચયનો અભાવ અને પુરુષાર્થની શિથિલતાને કારણે અમે આપની જેમ લક્ષ્ય તરફ ઝડપી પ્રગતિ કરી શકતા નથી અને બીજો કોઈ ઉપાય પણ અમારી પાસે નથી. તો હવે શું થાય ? આવો સુજોગ મળ્યાનો ફાયદો પણ શું ?

**બહુ પુણ્યકેરા પુંજથી,**
**શુભ દેહ માનવનો મળ્યો;**
**વીતરાગનો મળ્યો ધર્મ ને,**
**વળી, રાજરાજેશ્વર તું મળ્યો.**
**ચરણશરણનો યોગ મળ્યો,**
**ને સત્પુરુષનો સંજોગ મળ્યો;**
**વધુ માગીએ શું તમ કને ?**
**અહો ! અપૂર્વ અવસર અમને મળ્યો !**

આપ જેવા ધીંગધણી માથે હોય તેને કઈ વાતની ફિકર હોય ? કઈ ચિંતા હોય ?

આપે કહ્યું હતું કે, “પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.” તેમ અમને પણ કહેવાનું મન થાય છે કે, “રાજઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.”

અમે આપની કૃપાથી એવા થઈ શકીશું ને કૃપાળુદેવ ?

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**


# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૫૬૯

**મુંબઈ, ફાગણ વદ ૩, ૧૯૫૧**

### શ્રી સત્પુરુષોને નમસ્કાર



સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ કલેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્યપરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય.

હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્ત્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે કંઈ પણ કાળ જાય છે તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે; અથવા એવો નિશ્ચય રહે છે.

જનકાદિ ઉપાધિમાં રહ્યા છતાં આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબન પ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી. શ્રી જિન જેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા એવા ભયના હેતુરૂપ ઉપાધિયોગની નિવૃત્તિ આ પામર જીવ કરતાં કરતાં કાળ વ્યતીત કરશે તો અશ્રેય થશે, એવો ભય જીવના

ઉપયોગ પ્રત્યે પ્રવર્તે છે, કેમ કે એમ જ કર્તવ્ય છે.

જે રાગદ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતાં નથી, તે રાગદ્વેષાદિ પરિણામ છતાં જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ આશાતના કરે છે, એમ વર્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્ત્તવ્ય છે.

અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જો કે એમ લાગે છે કે તે વિચાર અને જપ હજી તથારૂપ નથી, શિથિલ છે; માટે અત્યંત વિચાર અને તે જપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.

પ્રસંગથી કેટલાંક અરસપરસ સંબંધ જેવાં વચનો આ પત્રમાં લખ્યાં છે, તે વિચારમાં સ્ફુરી આવતાં સ્વવિચારબળ વધવાને અર્થે અને તમને વાંચવા વિચારવાને અર્થે લખ્યાં છે.

જીવ, પ્રદેશ, પર્યાય તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિશે તથા રસના વ્યાપકપણા વિષે ક્રમે કરી સમજવું યોગ્ય થશે.

તમારો અત્ર આવવાનો વિચાર છે, તથા શ્રી ડુંગર આવવાનો સંભવ છે એમ લખ્યું તે જાણ્યું છે. સત્સંગ જોગની ઇચ્છા રહ્યા કરે છે.

## પત્રાંક - ૨૨૯

**મુંબઈ, ફાલ્ગુન, ૧૯૪૭**

અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિશે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિશે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંતકાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિશે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિશે દૃઢતા થાય છે.

## પત્રાંક - ૨૩૧

**મુંબઈ, ચૈત્ર સુદ ૭, બુધ, ૧૯૪૭**

મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્‌ભુત, અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્રયાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને.ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.

■ ■ ■

# નામસ્મરણનો મહિમા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



દરેક આમ્નાયમાં મંત્રજાપ દ્વારા નામસ્મરણ કરવાનો મહિમા છે. જૈનદર્શનમાં નવકારમંત્રને ચૌદપૂર્વનો સાર કહ્યો છે. અન્ય સંતોએ પણ કહ્યું છે કે, ''હરિ સે બડા હરિ કા નામ'' એક પથ્થર પર રામ નામ લખી સમુદ્રમાં નાખવાથી જો તે તરી જતો હોય તો પવિત્ર હૃદયમાં 'રામ' નામ લખવાથી શું ભક્ત ભગવાન ન થાય ? આવા નામસ્મરણનો અનેરો મહિમા છે. હવે, આપણે આ પરમાત્મ-સ્મરણ કેવી રીતે કરવું તથા તેનું ફળ શું છે તે એક દૃષ્ટાંત પરથી સમજીશું.

ગરમ દૂધ કે દાળની તપેલી સાણસી દ્વારા પકડીને ટેબલ ઉપર મૂકીએ ત્યારબાદ આપણે જમવા બેસીએ છીએ, તેમ આધ્યાત્મિક આત્મરસરૂપી ભોજન જમવા માટે તપેલી તે ભગવાન છે અને સાણસી તે મંત્ર છે. આ સાણસીરૂપી મંત્ર દ્વારા આપણે ભગવાનને પકડવાના છે. આ કામ દુનિયાનું સૌથી સહેલું અને સૌથી અઘરું છે ! કારણ કે મોક્ષમાર્ગ સમજવો અઘરો નથી, પરંતુ તેને અંદરમાં સ્વીકારવો અઘરો છે. આપણે સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે સમજીને મંત્રનો જાપ કરવો. સવાર-સાંજ એક - એક માળા ગણવી. તેનાથી ઘણો લાભ થાય છે. ૐ, સોહમ, અરિહંત, નમઃસિદ્ધેભ્યઃ, અરિહન્તસિદ્ધ, નમો અર્હત્‌સિદ્ધાચાર્યઉપાધ્યાયસર્વસાધુભ્યઃ, નમસ્કાર મહામંત્ર, મમ સદ્‌ગુરુ ચરણ સદા શરણં, સહજાત્મસ્વરૂપ પરમગુરુ આદિ ઘણા એક અક્ષરી, બે, ચાર, છ, આઠ, સોળ, પાંત્રીસ અક્ષરી મંત્રોનો શાસ્ત્રોમાં ઉલ્લેખ કર્યો છે. વિવિધ મંત્રો વિશે વિશેષ માહિતી મેળવવા અધ્યાત્મ યોગીશ્વર શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત 'શ્રી જ્ઞાનાર્ણવ' સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો. કોઈપણ મંત્રનો જાપ કરતા પહેલાં પ્રથમ તેનો અર્થ બરાબર ગુરુગમ દ્વારા સમજવો જોઈએ. પછી જેમણે આ મંત્રને સિદ્ધ કર્યો હોય તેવા સત્પુરુષ પાસેથી તેની દીક્ષા લેવી જોઈએ. આપણે દરરોજ જે મંત્રજાપ કરીએ છીએ તે સામાન્ય નિયમ કહેવાય છે. પરંતુ વિધિપૂર્વક આજીવન જ્યારે તે મંત્રજાપનો નિયમ લેવામાં આવે તેને દીક્ષા કહેવાય છે. તે ભગવાનને પકડવાનો સરળ ઉપાય છે. જેમ ગરમ તપેલી સીધી હાથ દ્વારા પકડાતી નથી તેમ ભગવાનને પણ આપણે સીધા પકડી શકીએ નહીં.

જ્ઞાની ધર્માત્માઓએ સિદ્ધ કરેલો શબ્દસમૂહ તેને મંત્ર કહેવામાં આવે છે. **મનને સંસારના વિકલ્પોમાંથી તારે તેનું નામ મંત્ર.** આપણું મન દુનિયાના વિચારોમાં, વસ્તુઓમાં રખડે છે અને અનાદિકાળથી રખડવું એ જ મનનો સ્વભાવ છે. તે મનના નિયમન માટે પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૦૦માં મનોનિગ્રહના અઢાર વિઘ્નો કહ્યા છે તથા શિક્ષાપાઠ - ૬૮ 'જિતેન્દ્રિયતા'માં કહ્યું છે,

''તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઊભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ્યા જેવો

થાય છે, લોક - લજ્જાએ તેને સેવવો. પડે છે. માટે અભ્યાસે કરીને પણ મનને જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું.''

આ બંને શિક્ષાપાઠને મુમુક્ષુએ વારંવાર વિચારવા જોઈએ. જો આપણે પ્રભુમય બનવું હોય તો આપણી ભૂમિકાને યોગ્ય જેટલી જિતાય તેટલી ઇન્દ્રિયોને અવશ્ય જીતવી જોઈએ. તે ઇન્દ્રિયોનો રાજા એટલે મન તેને જીતવું અને ઇન્દ્રિયો તથા મન તે બંનેનો જે અધિષ્ઠાતા છે, તે ભગવાન આત્મા છે તેનું નિરંતર, વારંવાર સ્મરણ કરવું. 'આલોચના પાઠ'માં કહ્યું છે કે,

''ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણ કો ચાવ;
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ.''

જેને ભગવાન મેળવવા હોય તેણે સાદું જીવન જીવવું, સાદું ભોજન કરવું, કોઈ સાંસારિક વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી નહીં, કોઈ વસ્તુનો આગ્રહ કરવો નહીં. આવું જીવન બને ત્યારે કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થાય અને ઇન્દ્રિયો જિતાય. ઇન્દ્રિયો જિતાય તો મન જીતાય અને આવા નિયમિત થયેલા મન દ્વારા ભાવપૂર્વક મંત્રસ્મરણ કરવામાં આવે તો ભગવાનની ધરપકડ થાય. અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ કહે છે,

''બીજો મનમંદિર આણું નહિ,
એ અમ કુલવટ રીત જિનેસર.''

આપણને હજુ ભગવાનનો રંગ લાગ્યો નથી. માત્ર નિયમ લીધો છે એટલે ભગવાનનું નામ લઈએ છીએ, જ્યારે આદિ કવિ-ભક્તહૃદયી શ્રી નરસિંહ મહેતા કહે છે,

''મને હરિગુણ ગાવાની ટેવ પડી,
મારા નાથને મૂકું ના એક ઘડી.
એ વિણ અન્ય હવે નવ રુચે,
પ્રભુની સંગાથે મારી પ્રીત જડી.
મને હરિગુણ...''

આપણે વીંટીમાં હીરો જડાવીને તેને કેવો સાચવીએ છીએ, તેમ નામસ્મરણ દ્વારા આપણે પ્રભુરૂપી વીંટીમાં ફીટ થવાનું છે. માર્ગ સરળ છે પરંતુ પ્રાપ્તિનો યોગ દુર્લભ છે તથા જીવને તે પ્રાપ્ત કરવા સાચી રુચિ પણ થતી નથી. તેમ થવા અભ્યાસ દ્વારા વૈરાગ્ય લાવવો અને નિરંતર સત્પુરુષોનો સમાગમ કરવો. દુનિયાની ગપસપમાં વધારે મન જોડવું નહીં. ખપ પૂરતું કામ કરવું અને જેવું કામ પૂરું થાય કે તરત જ ત્યાંથી ચિત્ત હટાવી લેવું. જમવા બેસો ત્યારે પણ તેમાં મન લગાડવું નહીં, તે જમવામાં મજા લેવી નહિ, સબળકા ભરવા નહીં, સ્વાદ લેવો નહીં. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય આપણને જાગૃતિ રાખવા માટે તત્ત્વદૃષ્ટિથી સમજાવતા કહે છે કે,

''આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી, અજ્ઞાની એવા જીવની.''

ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા તેને સાદી ભાષામાં કહે છે,

''ભણે નરસૈયો પ્રભુજીને ભજતાં,
મારી ભવ-ભય-ભ્રમણા સઘળી ટળી;
મને હરિગુણ ગાવાની ટેવ પડી.''

આવી ટેવ તેમને પડી નથી પણ ઘણા પ્રયત્નો કરીને તેમણે આવી ટેવ પાડી છે. આપણે બધા પહેલા કુટેવ પાડીએ છીએ અને પછી તે કુટેવ આપણને પાડે છે - આપણું પતન કરી દે છે. તે કુટેવને દૂર કરવા તેને સુટેવરૂપ કરવા આપણે પ્રભુ-ગુરુના ગુણો ગાવા. પરમ સામાયિકરૂપ સર્વોત્તમ સુટેવ પાડવી. આચાર્ય શ્રી અમિતગતિ

દેવ 'સામાયિક પાઠ'માં કહે છે કે,

"તુજ ચરણકમળનો દીવડો રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો આવાસ તુરત બાળજો;
તદ્‌રૂપ થઈ તે દીવડે હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજ મહીં હું પ્રેમથી નિત્ય ડૂબતો."

આવો પરમ વિનય ગૌતમસ્વામીમાં હતો. આપણે તો થોડા વ્રત, નિયમ લીધા હોય કે થોડા શાસ્ત્રો ભણ્યા હોય તો પોતાની જાતને મોટા ધર્માત્મા સમજીએ છીએ ! જ્યારે મહાન આચાર્ય મહારાજ 'સમયસાર'માં કહે છે કે હું આ જે આત્મા બતાવું છું તેમાં જો ક્યાંક કંઈક ચૂકી જાઉં, મારી કંઈ ભૂલ થઈ જાય તો તમારે છલ ગ્રહણ કરવું નહીં ! આવો પરમ વિનય તો મહાપુરુષો જ કરી શકે. જેમને દિગમ્બર આમ્નાયમાં કલિકાલ સર્વજ્ઞ કહેવામાં આવે છે તેવા આચાર્ય મહારાજ કહે છે કે અમને હજુ કેવળજ્ઞાન પ્રગટ્યું નથી અને જ્યાં સુધી કેવળજ્ઞાન થાય નહીં ત્યાં સુધી ભૂલ થવાની સંભાવના રહે છે માટે તમે જો મારી ભૂલ હોય તો સુધારીને ગ્રહણ કરજો ! અને આપણે ડગલે ને પગલે ભૂલો કરીએ છીએ તો પણ તે ભૂલોનો સ્વીકાર કરતા નથી અને ઉપરથી કહીએ છીએ કે મારાથી તો કોઈ દિવસ કાંઈ ભૂલ થાય જ નહીં !! એટલે પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે,

"સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ."

નામસ્મરણ કરવાથી સાચી ભક્તિ પ્રગટે, સાચું દાસત્વ પ્રગટે, પરમ વિનય પ્રગટે તથા સર્વ શાસ્ત્રોનો સાર પણ એટલો જ છે કે કાલ્પનિક 'હું' પણાનો વિલય કરવો અને સાચા 'હું' પણાને પ્રગટ કરવું. સાચું 'હું' એટલે ભગવાન આત્મા. પરમ-કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહે છે,

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય."

'શ્રી સમયસાર'ની પહેલી ગાથામાં આચાર્ય મહારાજ સિદ્ધ ભગવાનનું પોતાના તથા સર્વશ્રોતાના હૃદયમાં સ્થાપન કરે છે. એટલે કે ધ્રુવ, અચળ અને અનુપમ સ્થાનને પામેલ સર્વ સિદ્ધ તથા અરિહંતને આચાર્ય ભગવાન નમસ્કાર કરે છે. કહેવત પણ છે કે,

"આવો ભાઈ હરખા, આપણે બધા સરખા."

અજ્ઞાની જીવ અમુક વ્યક્તિઓ જ 'મારા' છે એવું ભેદ-ભાવવાળું વર્તન કરે છે, જ્યારે આચાર્ય ભગવાનને તો જગતના સર્વ જીવો પોતા સમાન જ લાગે છે; પછી ભલે તે વાઘ, સિંહ કે સસલું આદિ ન હોય; કારણ કે તેઓ પ્રત્યેક જીવમાં પોતાના સમાન આત્માના જ દર્શન કરે છે. આવા મહાન મહાપુરુષોના સ્વરૂપને સમજીને જો આપણે તેમનું દાસત્વભાવે શરણ સ્વીકારીએ તો ક્રમે કરીને આપણે પણ તેમના જેવા બની જઈએ.

વળી, આચાર્ય મહારાજ કહે છે કે પોતાના આત્મામાં અને અન્ય બીજા ભવ્યજીવોના આત્મામાં ધ્રુવ, અચળ ને અનુપમગતિ પામેલ એવા સિદ્ધ પરમાત્માનું સ્થાપન કરીને હવે, હું એ સિદ્ધ સમાન જે સમયસાર ભગવાન આત્મા છે કે જે અનંત આનંદ અને જ્ઞાનનો સ્વામી છે તેનું કથન કરવાનો છું અને તે તમે પોતે જ છો. જો તમે તેનો પ્રેમથી સ્વીકાર કરશો તો અનંત આનંદને પામી શકશો. મને પણ તે નિર્વિકલ્પ આનંદ થોડો ઘણો પ્રગટ થયો છે. હું જે શબ્દો લખું છું તથા બોલું છું તે તો દ્રવ્યશ્રુત છે. તે પુદ્‌ગલ ભાષાવર્ગણાના પરમાણુઓના સમૂહરૂપ છે, પણ તે જે તમને ભગવાન આત્મા બતાવે છે તેને તમે

પકડજો. મારા શબ્દોમાં જો કાંઈ ભૂલ થઈ જાય તો તેને પકડશો નહીં, પણ શુદ્ધ આશયથી જે હું કહું છું તેવા સિદ્ધ સમાન શુદ્ધ તમારા આત્માને, સમયસારને, જ્ઞાયકને, શુદ્ધ આત્મદ્રવ્યને પકડજો. શ્રીસમયસાર છે તે પણ ૪૧૫ ગાથાઓનો મહામંત્ર છે. આ મહામંત્રની સિદ્ધિથી આત્માની સિદ્ધિ કરી લેવી જોઈએ. તે મહામંત્રનો ભાવ અંતરમાં ભાવવો. જો તે બરાબર લક્ષમાં આવી ગયો કે તેનો ભાવ અંતરમાં ભાસી ગયો તો તેના અભ્યાસ દ્વારા અંતરમાં તેની સિદ્ધિ થવી તે નિશ્ચિત છે. આ કોઈ લોટરીની ટિકિટ નથી. મોક્ષમાર્ગમાં સત્પુરુષાર્થ કરો તો અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય. પરંતુ હજુ સુધી આપણને તેની આવશ્યકતા લાગતી નથી કારણ કે આપણને બધી રીતે લીલાલહેર લાગે છે ! કોઈ વાતે દુઃખ લાગતું નથી. પણ ભાઈ ! આત્માને જાણ્યા વગર બધે દુઃખ જ છે. આત્માને જાણ્યા વિના સાચા આનંદની ઝલક આવી શકે નહીં. **એક માત્ર પોતાના આત્માને જ પકડો એ જ સર્વ ઉપદેશનો સાર છે; પણ આપણે કામી, ક્રોધી, લાલચી છીએ તો આત્મા ક્યાંથી મળે !** પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

"વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ."

આપણે તો ભગવાનનો મંત્ર અને ભગવાન-એમ કરતાં કરતાં શુદ્ધિની વૃદ્ધિ કરતા જવું.

**"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ."**

આ પ્રમાણે વારંવાર વિચારવું અને અભ્યાસ કરવો. અર્જુન જ્યારે સૂઈ જતો ત્યારે પણ તેના પ્રત્યેક શ્વાસ-ઉચ્છ્વાસમાં ભગવાનના નામનું સ્મરણ ચાલતું હતું. આવું ત્યારે જ થાય કે જ્યારે ભગવાન પ્રત્યે અનન્ય પ્રેમ પ્રગટે. આવો પ્રેમ પ્રભુ પ્રત્યે પ્રગટાવવો, ન પ્રગટે તો તેવી ભાવના મનથી, વચનથી અને કાયાથી કરવી, અનુમોદવી.

આમ, આપણા આત્મા ઉપર પડેલા અનાદિકાળના કુસંસ્કારોને ધોવાનો ઉત્તમ અને સરળ ઉપાય તે નામસ્મરણ છે. મંત્ર દ્વારા વારંવાર ભગવાનના ગુણોનું અનુચિંતન તથા ભગવાનની વીતરાગી પ્રતિમા આપણા ચિત્ત પર ફરી-ફરી અથડાશે ત્યારે આપણા આત્માને તે પરમાત્માનો રંગ લાગશે અને આ મનુષ્યભવ સાર્થક થશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## પ્રભુ પ્રત્યે અહોભાવ

**- ભાનુબેન ડી. શાહ**

હે પ્રભુ ! તું છો અમ સદૈવ અશરણ-શરણ,
ભક્તોને મળી જાય, સેવન કાજ તારા ચરણ;
તને ઉપાસ્યા કરીએ, આવે જ્યાં સુધી મરણ,
રાગ-દ્વેષ-અજ્ઞાન મૂળનું થઈ જાય સર્વથા હરણ.

મુમુક્ષુ માટે તું છો, ભવજળ તારણ-તરણ,
નિર્જરા થતાં રહે, અહોનિશ અમારા કરણ;
તારા હાથમાં છે અમ જીવનનું પોષણ-ભરણ,
અમે કરીએ છીએ, માત્ર તારા જ નામનું રટણ.

તારા નામ છે પ્રભુ કૃપાસિંધુ, દયાના ઝરણ,
તુજ આજ્ઞાપાલન કરે, સમસ્ત કર્મોનાં ખરણ;
સદૈવ ભક્તિભાવથી પામશું સમકિત-વરણ,
ચિત્તવૃત્તિ, મનોસંતાપ, વિકૃત ભાવોનું થશે ઠરણ.

વ્રત, શીલ, સંયમ, તપનું થાયે હરહંમેશ ધારણ,
કષાય, યોગ, પ્રમાદ, મિથ્યાત્વનું હોયે સરણ;
મહા પુણ્યયોગ ઉપજશે, થઈ જશે પાપનું ગળણ,
હે દીનબંધુ ! કરતાં રહીએ રોજ નવકારનું સ્મરણ.

પરમનો સ્પર્શ - ૬૭

# પ્રત્યેક પ્રભાતે નવો સૂર્યોદય

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

મોટાભાગની વ્યક્તિઓ બાહ્ય પરિસ્થિતિના તાલે એમની આંતરિક પરિસ્થિતિને નચાવે છે. બહાર સુખનો વરસાદ વરસતો હોય, તો ભીતરમાં પણ એ એના આનંદના અતિરેકથી છકી જશે. બહાર પ્રગાઢ દુઃખથી ઘેરાયા હોય, તો એમનું ભીતર ઘોર નિરાશામાં ડૂબી જશે. આવી વ્યક્તિના જીવનને સંજોગો નિર્ધારિત કરતા હોય છે. જો કપરા સંજોગો આવે તો વ્યક્તિ તત્કાળ હતાશ અને નિરાશ થઈ જાય છે. કેટલાક તો એવું વ્યક્તિત્વ ધરાવે છે કે સામાન્ય કે નાની મુશ્કેલી આવે ને એમની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગે છે ! આવી વ્યક્તિ પોતાના પોચટ, ગભરુ, નિર્બળ અને શરણાગતિ સ્વીકારી લેતા સ્વભાવને 'લાગણીશીલતા'માં ખપાવે છે. એક નાનકડો દુઃખદ બનાવ બને અને એમનો આખો દિવસ દુઃખમાં જતો હોય છે. બહારના સંજોગોથી સહજ રીતે ભીતરમાં એ પ્રભાવિત અને પરાજિત થતા હોય છે.

આ વ્યક્તિઓ ત્રણ પ્રકારે જીવન ગાળે છે. કેટલીક વ્યક્તિ નિરાશાવાદી બની જાય છે અને નિષ્ફળતા મળતાં જ નિરાશ થઈને પ્રયત્ન છોડી દે છે, એથીયે વિશેષ જીવનમાં મળેલી નિષ્ફળતાને વારંવાર વાગોળીને નિરાશાને વધુ ઘેરી અને સ્થાયી બનાવતી હોય છે. કેટલીક વ્યક્તિ 'મારા નસીબમાં આવું જ લખાયું છે' એમ માનીને પ્રારબ્ધને દોષ આપતી હાથ-પગ વાળીને બેસી રહે છે. નસીબ એ એનું વહાલું બહાનું હોય છે. આપણા દેશમાં તો વ્યક્તિ એટલો બધો પ્રારબ્ધવાદી છે કે નાની-નાની નિષ્ફળતા મળતાં એમાંથી બહાર આવવાને બદલે પ્રારબ્ધને મહત્ત્વનું માનીને એની પાછળ ઘેટાંની માફક મૂંગે મોંએ ચાલવાની વૃત્તિ વિશેષ ધરાવે છે. કેટલાક એવા પ્રારબ્ધવાદી નથી, તે વળી કર્મવાદી છે. પોતાનાં દરેક દુઃખના કારણમાં કર્મને ગણાવે છે અને એમાં પણ જો વાત આ જીવન સાથે બરાબર બંધ બેસે નહીં, તો પૂર્વજન્મના કર્મને કારણભૂત માને છે. આમ, સંજોગોથી પરાજિત થઈને 'મારે લમણે તો નિષ્ફળતા લખાયેલી જ છે' એવી નિસાસાભરી વાત કરનારા ઘણા લોકો તમારી આસપાસ તમને મળશે.

આ સમયે મને એક કથાનું સ્મરણ થાય છે : ચર્ચમાં ઈશ્વર - પ્રાર્થના ચાલતી હતી અને એક બાળક ઘણું કહેવા છતાં બેસતો નહોતો. એ સતત ઊભો રહીને જ પાદરીનો ઉપદેશ સાંભળતો રહ્યો.

એની માતાએ એને બેસવાનું કહ્યું, પણ એ માને શેનો ? માતાએ જરા અકળાઈને કહ્યું, "જો તું બેસીસ નહીં, તો તારું આવી બનશે." એ છોકરો બેઠો ખરો, પણ એની માતાએ કહ્યું,

"હું તારા વચનને ખાતર બેસી જાઉં છું, પણ અંદર તો ટટ્ટાર ઊભો છું."

બાળકના આ માર્મિક શબ્દો દર્શાવે છે કે એ બાહ્ય રીતે બેસી જાય છે; પરંતુ અંદર તો ટટ્ટાર, અડીખમ, અણનમ અને અવિચળ ઊભો છે. બહારની પરિસ્થિતિથી એનું ભીતર પલટાતું નથી. બાહ્ય પરિસ્થિતિને સ્વીકારીને શરણાગતિ સ્વીકારે એ પ્રકારનો આ બાળક નથી. આપણે એનું ચિંતન કરવું જોઈએ કે નિષ્ફળતા મળતાં આપણું હૃદય હતાશાથી ઘેરાઈ જાય છે કે પછી બાહ્ય નિષ્ફળતા છતાં હૃદય શાંત અને સ્વસ્થ રહે છે ?

અબ્રાહમ લિંકનને ચૂંટણીમાં વારંવાર નિરાશા મળી, છતાં એ નિષ્ફળતા સામે ઝૂક્યા નહીં અને અમેરિકાના મહાન માનવતાવાદી પ્રમુખ બન્યા. વામન કદ ધરાવતા અને અત્યંત ગરીબાઈમાં ઉછરેલા લાલબહાદુર શાસ્ત્રી ભારતના વિરાટ નેતા બન્યા. ઓછી ઊંચાઈને કારણે એમણે એમના મનમાં

લઘુતાગ્રંથિ રાખી હોત, તો શું થાત ? કારમી ગરીબાઈને લીધે રાષ્ટ્રસેવા કરવાની પોતાની ઇચ્છા છોડી દીધી હોત તો શું થાત ? આવી વ્યક્તિઓ પોતાની નિષ્ફળતાને મન પર કે જીવન પર સવાર થવા દેતી નથી.

આધ્યાત્મિક જગત પર દૃષ્ટિપાત કરીએ તો સંતોને એમના જીવનમાં કેટલી બધી મુશ્કેલી આવી ! કોઈએ એમના પર પથ્થરોનો વરસાદ વરસાવ્યો, કોઈએ એમને અપશબ્દો કહ્યા, તો કોઈએ એમની હત્યા કરવાની કોશિશ કરી. આ બધું હોવા છતાં આ સંતોએ એમનું સંતત્વ ખોયું નથી. કૃષ્ણના વિરહમાં મીરાં કેટલું તડપી હશે અને છતાં કૃષ્ણ ન મળે તો ય એ કૃષ્ણમિલનની તડપન છોડી દેતી નથી.

જીવનમાં કોને નિરાશા મળતી નથી ? જેમ જગતનો કોઈ માનવી મૃત્યુથી મુક્ત નથી, એ જ રીતે કોઈ માનવી એવો નથી કે જેના જીવનમાં નિરાશા આવી ન હોય; પરંતુ એ નિરાશાને ઓળંગી જવાનું કામ મહત્ત્વનું છે. સફળ થનારી વ્યક્તિઓને પૂછશો તો ખ્યાલ આવશે કે નિષ્ફળતાની કેટકેટલી ઠોકરો ખાધા પછી એમને સફળતા મળી છે. ભવ્ય સિદ્ધિ મેળવનારના હૃદયમાં ઉતરશો તો ખ્યાલ આવશે કે કેટકેટલાં સંઘર્ષો પછી એમણે સિદ્ધિ હાંસલ કરી છે. એમના જીવનમાં હતાશા આવી ખરી; પરંતુ એમણે એ હતાશાને ખંખેરી નાખી. 'હવે હું આ નહીં કરી શકું' એવી લાચારીને એમણે નજીક આવવા દીધી નહીં. આને પરિણામે નિષ્ફળતાના કાળાં વાદળોને વિખેરીને અંતે તેઓ સફળતાનો સોનેરી સૂરજ જોઈ શક્યા.

એ હકીકતનો નિખાલસપણે સ્વીકાર કરવો જોઈએ કે સંજોગો પર આપણો કોઈ કાબૂ નથી. ક્યારેક વિપરીત, અણધાર્યા, અણગમતા અને સાવ નાસીપાસ કરી નાખે એવા સંજોગો ઊભા થતા હોય છે. આ સમયે કઈ બાબત મહત્ત્વની બને છે ? એ સમયે મહત્ત્વનો છે સંજોગો પ્રત્યેનો તમારો અભિગમ. એ પરિસ્થિતિ પ્રત્યે તમે કેવો 'એટિટ્યૂડ' દાખવો છો તે અગત્યનું છે. પ્રસિદ્ધ વિજ્ઞાનીઓ લૂઈ પાશ્ચર અને થોમસ આલ્વા ઍડિસનને વારંવાર નિષ્ફળતા મળી હતી, છતાં એમણે લીધેલું કાર્ય છોડ્યું નહીં. એમને થોડો સમય સંજોગાનુસાર 'બેસવું પડ્યું'; પરંતુ એ સમયે પણ ભીતરથી એ ટટ્ટાર રહ્યા. સંજોગો તરફ એમનું એવું વલણ હોય છે કે એ સંજોગો એમના પર હાવી થઈ શકતા નથી. પ્રત્યેક નિષ્ફળતા સમયે હું આને સિદ્ધ કર્યા વગર જંપીશ નહીં, એવું એમનું વલણ હોય છે.

જીવનમાં આવતાં દુઃખદ અને આઘાતજનક સંજોગો તરફ કઈ રીતે સ્વસ્થ વલણ કેળવી શકાય ? કઈ રીતે એ કપરા સંજોગોનો દૃઢતાથી સામનો થઈ શકે ? જીવનમાં ક્યારે કેવા સંજોગો આવે છે તે આપણે જાણી શકતા નથી, પણ એવા આવનારા સંજોગો સામે આપણા મનને કઈ રીતે કેળવી શકાય ? આ માટે પહેલું કામ એ છે કે તમારા મનમાં પડેલા દુઃખી વિચારોને ખંખેરી નાખો. શું ગુમાવ્યું છે એને વારંવાર યાદ કરો નહીં, બલકે શું મેળવ્યું છે તેનો આનંદ માણો. ભૂતકાળની સ્મૃતિ તમને બરાબર સપડાવશે. જો તમે એ ભૂતકાળની ઘટનાઓમાં સપડાઈ જશો તો એ દુઃખદ અનુભવોની સ્મૃતિમાંથી બહાર નીકળશો નહીં અને તમારી હાલત વધુને વધુ બદતર બનતી જશે. 'પ્રણય' જામનગરી નામના શાયરે કહ્યું છેઃ

જિંદગી આખી ભટકતો રાખ્યો,
મેં મને રોજ લટકતો રાખ્યો,
ભૂલ કીધી નહીં, મેં ભૂલવાની,
એક કાંટો મેં ખટકતો રાખ્યો !

કોઈ ભૂલનો કાંટો જિંદગીભર સતત ખટકતો રહે એની આ વાત છે અને તમને એવી ઘણી વ્યક્તિ મળશે કે જેઓ જિંદગીમાં થયેલી કોઈ ભૂલના વસવસાનો બોજ સતત માથે લઈને જીવતી હોય છે. એમના મન પર રાત-દિવસ એ વાત સવાર રહેતી

**(અનુસંધાન પાના નં. ૩૦ પર...)**

श्री पूज्यपाद आचार्य विरचित

# समाधितंत्र - अमृतरसपान

(क्रमांक - २९)

प्रा. चंदाबहेन वी. पंचाली (बोटाद)

પરમકૃપાળુદેવ જેને સહજસમાધિ, સહજયોગ, સહજ નિર્વિકલ્પતા સહજપણે વર્તે છે તેઓ વચનામૃતમાં સમાધિ સરસ્વતી પ્રવહે છે. તેમાં આલેખે છે, "શ્રી જિન આત્મપરિણામની સ્વસ્થતાને સમાધિ અને આત્મપરિણામની અસ્વસ્થતાને અસમાધિ કહે છે; તે અનુભવજ્ઞાને જોતાં પરમ સત્ય છે... અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી, અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિશે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી... સમક્તિ દૃષ્ટિ જીવને સહજસમાધિ છે. સત્તામાં કર્મ રહ્યાં હોય, પણ પોતાને સહજ સમાધિ છે. બહારનાં કારણોથી તેને સમાધિ નથી, આત્મામાંથી મોહ ગયો તે જ સમાધિ છે." આ અમૃતસત્‌વાણી સાધકોને સત્ પાથેય આપે છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર'માં સમાધિ સરસ્વતીની પાવકતાને પ્રગટ કરે છે. આપણે સત્તરમા શ્લોકના પૂર્વાર્ધમાં વિચાર્યું કે બાહ્યવાચા છોડે છે, અંતરવાચાને સંપૂર્ણપણે ત્યાગે છે તે સાધક યોગી છે. હવે આ યોગી પરમાત્મપદને પામે છે તે સમજાવે છે. મહદ્ અંશે બાહ્ય વાચાનો ત્યાગ થાય છે. અંતરવાચા-અશુભ ભાવથી ભરેલી છે તે છૂટી જાય છે, પરંતુ સૂક્ષ્મ અંતરવાચા - હું શુદ્ધ છું, જ્ઞાનમય છું, અનંત અવ્યાબાધ મારું સ્વરૂપ છે - આ પ્રકાશના શુભભાવમાં રોકાઈ જાય છે. તે કારણે સહજ યોગથી અસમીપ રહે છે. માટે યોગની ટીકાકાર વાત પ્રગટ કરે છે અને પરમાત્માના પ્રદીપ સમાન વિષયને સમજાવે છે.

(૧) एषः योगः - આ યોગ છે. ટીકાકાર કહે છે, योगः स्वरुपे चित्तनिरोध लक्षणः समाधि અર્થાત્ સ્વરૂપમાં ચિત્તનિરોધ લક્ષણ તે સમાધિ છે. યોગના અનેક અર્થો છે.

योगो ध्यानं समाधिश्च धीरोधः स्वान्तनिग्रहः ।
अन्तः संलीनता चेति तत्पर्यायाः स्मृता बुधैः ॥

યોગ ધ્યાન છે. સમાધિ છે. બુદ્ધિનો નિરોધ છે. અન્તઃકરણનો નિગ્રહ છે. અંતરમાં લીનતા છે. વિદ્વાનોએ યોગના પર્યાયવાચી અર્થો કહ્યા છે તથા समत्वबुद्धिः योगः - સમત્વબુદ્ધિને યોગ કહે છે.

पुरिसायारो अप्पा जोई वरणाणदंसण समग्गो ।
जो जायदि सो जोई पावहरो भवदि णिद्‌दंदो ॥

જે આત્મા પુરુષાકારે છે, યોગી છે, કેવલજ્ઞાન અને કેવળદર્શન સહિત છે એવા શુદ્ધઆત્માનું મુનિ ધ્યાન કરે છે. તે પાપોને દૂર કરવાવાળા નિર્દ્વન્દ્વ યોગી છે.

योगः શબ્દ युज् - ધાતુથી બનેલો શબ્દ છે. युज् - એટલે જોડવું. આત્મસ્વરૂપમાં જોડાણ તે યોગ છે.

યોગના બીજા પણ નામો છે :

साम्यं स्वास्थ्यं समाधिश्च योगश्चिन्तानिरोधनम् ।
शुद्धोपयोग इत्येते भवन्त्येकार्थ वाचकाः ॥

અર્થાત્ સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, ચિંતાનિરોધ, શુદ્ધ ઉપયોગ તે સર્વ યોગના જ અર્થો છે. અન્યત્ર ભેદજ્ઞાન તે યોગ છે. આત્મધ્યાનને પણ યોગ કહેવાય છે. આત્મપ્રદેશના સ્પંદનને યોગ કહે છે. કોઈ સ્થાને ત્રિકાળયોગ એટલે અભ્રઅવકાશ, આતાપન અને

વર્ષાયોગ તેને યોગ કહ્યો છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય - સમાધિતંત્ર ગ્રંથના પુરસ્કર્તા છે તેથી સમાધિને યોગ કહે છે. વીતરાગ નિર્વિકલ્પ સમાધિ તે યોગ છે કારણ કે બાહ્યવાચા તેમજ સંપૂર્ણપણે અંતરવાચાનો ત્યાગ કરીને જે સ્થિર થાય છે તે નિર્વિકલ્પતાને પ્રગટ કરે છે. તેમજ પરમાત્માનો પ્રદીપ કહે છે માટે આચાર્યશ્રીને અભિપ્રેત યોગનો અર્થ સમાધિ છે. સમાધિશતક ગ્રંથ નિર્વિકલ્પ દશા કેવી રીતે પ્રાપ્ત થાય તે દર્શાવે છે. બહિરાત્મા શા માટે છે કે તે જીવને નિર્વિકલ્પદશા નથી. બાહ્યભાવમાં રહ્યો છે. અંતરાત્મા શા માટે ? તેને નિર્વિકલ્પદશા આંશિક વર્તે છે. ભૂમિકા પ્રમાણે દશા બની રહે છે, જ્યારે પરમાત્મામાં વીતરાગતા વર્તે છે તેથી યોગનો અર્થ સમાધિ, ગ્રંથના સંદર્ભે વધુ યોગ્ય લાગે છે.

(૨) समासेन - સંક્ષિપ્ત રીતે અથવા ટૂંકમાં વિસ્તારથી યોગ વિશે કે સમાધિ માટે કહેવું હોય તો કહી શકાય છે. દા.ત. શ્રી પતંજલિ મુનિના અષ્ટાંગયોગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ - આ આઠ અંગ પ્રમાણે સાધક આગળ વધે - વિસ્તારથી વિકાસ સાધે. તેવી જ રીતે પૂજા, ભક્તિ, વૈરાગ્યભાવ, શમ, સંવેગ, નિર્વેદ અનુકંપા, આસ્થા આ રીતે વિસ્તારથી સાધના સાધે અને અનુક્રમે વિકાસ સાધે. પૂ. આચાર્યદેવ અહીં સમાસ એટલે ટૂંકમાં સમજાવે છે કે બાહ્યવાચાને છોડવી અને અંતરવાચાને પણ છોડવી, જેથી યોગ સધાય છે.

એક સૂત્ર પ્રસિદ્ધ છે, **પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકુટચ, આટલું બસ.** બાહ્ય અશુભભાવોથી મુક્ત થા. પછી શુભભાવોનો ત્યાગ કર. અર્થાત્ યોગની સિદ્ધિ સહજ થશે. સમાધિની સ્થિતિ અનુભવાશે. તેથી સમાસેન ભાવ દર્શિત થાય છે. પરમકૃપાળુદેવ ગહન અનુભવમાંથી પ્રગટ થયેલી ભાવગિરા 'અમૂલ્ય તત્ત્વવિચાર'ની પંક્તિ - સંક્ષિપ્તભાવે અધ્યાત્મ તત્ત્વ પીરસે છે :

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાન્ત તત્ત્વ અનુભવ્યાં."

આ અધ્યાત્મભાવને શાંતભાવે વિચારી, સાર-અસારનો વિવેક સાધી અર્થાત્ ભેદજ્ઞાન સાધી સાધક સિદ્ધિને પામે છે. ચોખા-અક્ષત છે. તેમાં આ ફોતરા છે, આ ચોખા છે. ફોતરા છોડવા-ત્યાગ કરવા યોગ્ય છે. ચોખા ગ્રહણ કરવા યોગ્ય છે. ભેદ પાડ્યો કે આ ભિન્ન છે. પછી જ્ઞાન કોની સાથે સંબંધ ધરાવે છે તેનો જવાબ મળશે. જ્ઞાન જ્ઞાયક સાથે જોડાયેલું છે. ભેદ પાડ્યો જે જ્ઞાને તે બાહ્ય સાથે સંયુક્ત છે. પછી જ્ઞાન જે જોયું તે જ્ઞાન જ્ઞાયક પૂર્ણ શુદ્ધ તત્ત્વ સાથે જોડાય છે. **જેથી ભેદ + જ્ઞાન = અનુભૂતિ સધાય છે. ભેદ પડ્યો તે બાહ્યવાચા અને અંતરવાચા છે અને યોગ થયો તે જ્ઞાયકભાવ - સમાધિ છે.**

પરમકૃપાળુદેવ સમાસ-સંક્ષિપ્તમાં ઉત્તમોત્તમ અધ્યાત્મની સૂક્ષ્મતા દર્શાવે છે. વિવેકપૂર્વક આગળ સાધના સાધતો સાધક આત્મિક સિદ્ધાંતોને અનુભવે છે. અર્થાત્ સહજ સમાધિમય દશા અનુભવે છે. બાહ્યવાચા અને અંતરવાચાને સંપૂર્ણપણે ત્યાગે છે તે પરમાત્મ પ્રદીપ થાય છે.

(૩) परमात्मनः प्रदीपः - પરમાત્મપદનો દીપક. एषः योगः परमात्मनः प्रदीपः

આ યોગ પરમાત્મપદનો દીવો છે.

દીપક પ્રકાશે છે. તે પ્રકાશમાં દીપક પણ જણાય છે તથા જ્યાં જ્યાં પ્રકાશ છે ત્યાં ત્યાં પ્રત્યેક પદાર્થ જણાય છે. અંધકારનો વિનાશક છે અને પ્રકાશનો ઉત્પાદક છે. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે છે તથા જ્ઞાન રૂપી પ્રકાશને પાથરે છે.

આચાર્યદેવ ટૂંકમાં અધ્યાત્મને પ્રકાશે છે. આગળ પ્રથમ પંક્તિમાં જે દર્શાવ્યું કે હે સાધક, જો

તારે પરમાત્મપદનો અનુભવ - અધ્યાત્મદશા પ્રાપ્ત કરવી હોય તો ટૂંકમાં સમજાવું છું. પ્રથમ બાહ્યવાચા- હું દેહ છું, તેની સાથે સંબંધિત સ્ત્રી-પુત્ર-પતિ-કુટુમ્બ પરિવાર મારા છે આદિ વિકલ્પોનો ત્યાગ કર. પછી અંતરવાચાને છોડ- હું સુખી છું. દુઃખી છું. રાગી છું. દ્વેષી છું. પુણ્યવાળો છું. પાપવાળો છું - આ બધા ભાવને છોડ. ભાષા બાહ્યથી બોલી જાય કે શરીરથી ભિન્ન હું આત્મા છું - સ્ત્રી પરિવાર મારા નથી - હું રાગી-દ્વેષી નથી - નિર્વિકલ્પ આત્મા છું - એ દૃષ્ટિથી નહિ પણ અંતરંગ ભાવથી મુક્ત થાય. શ્રી આચાર્યદેવ સૂક્ષ્મતાથી એ દૃષ્ટિ આપે છે કે શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ છું - એવા જે વિકલ્પની પરંપરા છે. અનુભવ પહેલા ઉત્તમ શુભભાવોની પરંપરા સર્જાય છે તે તેને નિર્વિકલ્પ દશાથી દૂર જ રાખશે માટે તે અંતરવાચાનો ત્યાગ કર. તે સમાધિ છે. તે યોગ છે. તે સમતા છે.

આ યોગ તે પરમાત્માનો દીપક છે. જેણે પરમાત્મદશાને પ્રાપ્ત કરવાની ઝંખના છે, આત્માનુભૂતિનો ઉત્સાહ છે તેને આ વાત દીપક સમાન છે. આ યોગ દીપકનું અપૂર્વ સહજ કાર્ય થશે.

**દૃષ્ટાંત :** એક ગામમાં રાત્રિ થતાં અંધકાર થયો. સમજણના અભાવે ગ્રામજનો પાસે જે જે પાત્ર-વાસણ હતાં તેનાથી અંધકાર ઉલેચવા લાગ્યા. તેમાં એક પ્રજ્ઞાવાન પુરુષે આ પ્રક્રિયા જોઈ. મૌનભાવે જોયા કર્યું. બીજે દિવસે ગ્રામજનો આ જ પ્રક્રિયા કરતા હતા. પ્રજ્ઞાવાન પુરુષે જોયું - શું હેતુ હશે આ ગ્રામજનોનો - કાંઈ પ્રક્રિયા સમજાઈ નહિ. તેથી મૌનભાવે જોયા કર્યું. આખી રાત્રિ કરે. સવારના પ્રકાશના કિરણો રેલાય. ગ્રામજનોની માન્યતા કે આ પ્રક્રિયાને કારણે પ્રકાશ પથરાય છે. શ્રદ્ધા વિપરીત તો ક્રિયા વિપરીત. ત્રીજે દિવસે પ્રાજ્ઞપુરુષે આ વિધિ જોઈ, તેથી વિચાર આવ્યો કે પૂછું કે આપ શું કરી રહ્યા છો. "હે ગ્રામજનો ! આપ શું કરી રહ્યા છો ?" જવાબ મળ્યો, "અંધકારને ઉલેચીએ છીએ. બધું અંધારું જશે એટલે પ્રકાશ થશે." પ્રાજ્ઞપુરુષ કહે, "આ રીતે અંધકાર નહિ જાય. આપ દિવાસળી લાવો. સળગાવો." દિવાસળી સળગાવતાં જ અંધકારે વિદાય લીધી. પ્રકાશ થયો. જળહળા થયું. ગ્રામજનોએ પ્રાજ્ઞપુરુષને વંદન - નમસ્કાર કર્યા.

તેવી રીતે અજ્ઞાનતાને દૂર કરવા માટે આ યોગ પ્રદીપ સમાન છે. પરમાત્મયોગ સધાય છે. પરમાત્મપદની પ્રાપ્તિ માટે દીપક છે. આ શ્લોકમાં આચાર્યદેવે આત્માનુભૂતિનો અપૂર્વ માર્ગ દર્શાવ્યો છે. આ રીતે સાધકને સાધનામય - પ્રયોગમય - આત્માવલોકનમય થાય તો અવશ્ય અનુભૂતિનો આસ્વાદ અનુભવાય છે.

પૂ. બેનશ્રી ચંપાબહેન - વચનામૃત બોલ ૨૭૮માં જણાવે છે કે જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય તે વખતે પાણીના એક બિન્દુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય."

હવે આ શ્લોકના પદ્યને વિચારીએ.

(૧) બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો, દ્યોતક છે આ યોગ.

પૂ. બ્રહ્મચારીજી પ્રકાશે છે,

બાહ્યવાણી તજી આવી, અંતર્વાચા તજો પૂરી;
સમાસે યોગ-વાર્તા આ, પરમાત્મા પ્રકાશતી.

जो अंतरंग बहिरंग निसंग नंगा,
होता नितान्त उसका वह योग चंगा ।
उत्कृष्ट आतम प्रकाशक योग-दीप
धारो इसे, शिव लसे, फलतः समीप ॥

**- પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

અશોકભાઈ પી. શાહ

## ૨૧મા તીર્થંકર
## શ્રી નમિનાથ જિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ૨૦મા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવનમાં આપણે જોયું કે યોગીશ્વર આનંદઘનજીએ અન્ય દર્શનોમાં રહેલ ત્રુટિઓ બતાવી, જેથી સાધકઆત્મા તેમાં રહેલ એકાંતિક, આંશિક સત્યને પૂર્ણ સત્ય માનવાની ભૂલ ન કરે અને આત્મતત્ત્વના યથાર્થ સ્વરૂપથી વંચિત ન રહી જાય. પરંતુ તેથી સાધક જીવ તે દર્શનોમાં રહેલ આંશિક સત્યની પણ ઉપેક્ષા કરી, જે તે દર્શનનો સર્વથા નિષેધ કરે તે પણ યોગ્ય નથી, કારણ કે તે આંશિક સત્યનો જૈનદર્શનના તત્ત્વજ્ઞાનમાં પણ સ્વીકાર તો છે. તેથી હવે આનંદઘનજી તે ષટ્દર્શનોને જિનેશ્વરના જ અંગો તરીકે ઓળખાવી, અર્થાત્ જૈનદર્શનમાં તે દર્શનોના આંશિક સત્યોનો તત્ત્વદૃષ્ટિએ કઈ રીતે સમાવેશ થાય છે તેની રજૂઆત આ નમિજિન સ્તવનમાં કરે છે. આનંદઘનજીની ઉત્કૃષ્ટ જિનભક્તિ તેમને આ રીતે જિનેશ્વર પ્રેરિત ધર્મની વિશાળદૃષ્ટિ, ઉદારતા, સહિષ્ણુતા અને પરિપૂર્ણતા દર્શાવવા આ સ્તવન લખવા પ્રેરે છે. જૈનદર્શનમાં ષટ્દર્શન સમાયેલા છે તે એક રૂપક દ્વારા આનંદઘનજી કઈ રીતે રજૂ કરે છે તે જોઈએ. (આ સ્તવનમાં દાર્શનિક વાતો આવશે, જેને ધીરજથી સમજવા પ્રયત્ન કરવો. પૂજ્યશ્રી રાકેશભાઈ લિખિત શ્રી આત્મસિદ્ધિ વિવેચન - ભાગ ૪માં ષટ્દર્શનની સમજણ વિસ્તારથી આપી છે, જ્યાંથી વિશેષ અભ્યાસ થઈ શકશે.)

**ષટ્ દરિશણ જિન અંગ ભણીજે, ન્યાસષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિશણ આરાધે રે.**

**— ષટ્ દરિશણ૦ ૧**

**શબ્દાર્થ :** છ દર્શન જિનેશ્વરના અંગ છે એમ સમજવું. નમિ જિનેશ્વરના ચરણના ઉપાસક એવા જીવો જો આ રીતે છ દર્શનની સ્થાપના જિનના છ અંગોમાં કરે તો ષટ્દર્શનની આરાધના કરી કહેવાય. (ષટ્ = છ; દરિશણ = દર્શન; જિન = જિનેશ્વર ભગવાન; અંગ = અવયવ; ભણીજે = સમજજે; ન્યાસ = સ્થાપના; ષડંગ = ષટ્ અંગ, છ અંગ)

**ભાવાર્થ :** આનંદઘનજી ભવ્ય જીવોને સંબોધીને કહે છે કે છ દર્શન તે જિનેશ્વર ભગવાનરૂપી આત્મપુરુષના જ અંગ છે એમ ભણીજે, એમ તમે સમજજો. કેમ ? કારણ કે તે ષટ્દર્શનમાંના દરેક દર્શનનો સિદ્ધાંત આંશિક સત્યરૂપે જિન પ્રરૂપિત જૈન તત્ત્વજ્ઞાનમાં સમાયેલો જ છે. ફરક એટલો જ છે કે જૈનદર્શન તેને પરિપૂર્ણ સત્ય નહીં પણ અપેક્ષિત સત્ય તરીકે સ્વીકારે છે. જ્યારે જે તે દર્શનોના હિમાયતી તેને એકાંતિકપણે પૂર્ણ સત્ય તરીકે પ્રરૂપવાની ભૂલ કરે છે. પણ તેથી કંઈ જિનેશ્વરના ચરણકમળના ઉપાસક તે દર્શન પ્રત્યે દ્વેષભાવ ન રાખી શકે, કારણ કે તેમાં સત્યના અંશ તો રહેલા જ છે. ઉદાહરણ તરીકે જૈનદર્શન આત્માને દ્રવ્યદૃષ્ટિથી નિત્ય માને છે અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય. આ દૃષ્ટિકોણથી વિચારીએ ત્યારે તેમાં અનુક્રમે વેદાંત અને બૌદ્ધદર્શનનો આંશિકરૂપે, જિનના જ એક અંગરૂપે સ્વીકાર થઈ ગયો. આ રીતે છયે દર્શનની સ્થાપના (ન્યાસ) જિનના છ અંગ (ષડંગ)માં કરવાથી જિનેશ્વરના ચરણના ઉપાસક એવા જિનભક્તથી ષટ્દર્શનની આરાધના પણ સહજપણે થઈ જાય છે. આ સ્તવનમાં આનંદઘનજી જે ષટ્દર્શનનો ઉલ્લેખ કરે છે, તે છે : સાંખ્ય, યોગ (નૈયાયિક), બૌદ્ધ, મીમાંસક

(વેદાંત), ચાર્વાક અને જૈન. પહેલા પાંચ દર્શન આંશિકરૂપે જૈનદર્શનમાં સમાયેલા હોવાથી આનંદઘનજી જૈનને શરીરના ઉત્તમ અંગ એવા મસ્તકરૂપે અને બીજા પાંચ દર્શનોને જિનેશ્વરના અન્ય અંગો (બે પગ, બે હાથ, પેટ) રૂપે આગળની ગાથાઓમાં સ્થાપિત કરશે.

ષટ્દર્શનને જિનના છ અંગ તરીકે ઓળખવાથી બે વાત બને છે : (૧) તે અન્ય દર્શનોમાં અમુક દૃષ્ટિકોણથી સત્ય રહેલું છે. તેથી તેની નિંદા ન થઈ શકે, જો તેની નિંદા થઈ તો જિનેશ્વરના જ એક અંગની નિંદા કરી કહેવાય, જે જિનભક્ત કદાપિ ન કરે. (૨) જો તે દર્શનને સર્વથા સત્ય મનાશે તો જિનના એક અંગને જ સર્વાંગ માનવાની ભૂલ થશે. તેવું પણ જિનભક્ત કદાપિ ન કરે.

ષટ્દર્શનને જિનના ષટ્અંગ (ષડંગ) તરીકે સ્થાપના કરાવી આનંદઘનજી જિનેશ્વરના અનેકાંત ધર્મની પુષ્ટિ કરે છે. અન્ય દર્શનોના સત્યને અપેક્ષાએ સ્વીકારતા જૈનદર્શનની ઉદારતા, સહિષ્ણુતા અને પ્રેમનું પણ આ ગાથામાં પ્રતિપાદન થયું છે, ષટ્દર્શનમાંના દરેક દર્શનના આંશિક સત્યનો સ્વીકાર થતાં સાધકજીવને કોઈ દર્શન પ્રત્યે દુર્ભાવ નહીં થાય. પૂજ્યશ્રી રાકેશભાઈ આ વિશે કહે છે, **"જૈનમતનો રાગી પરમતનો દ્વેષી ન હોઈ શકે."** અન્ય દર્શનનો દૃષ્ટિકોણ મારા જ દર્શનનો એક ભાગ છે એમ ન્યાસ થતાં, સ્થાપના થતાં તે પ્રત્યે પ્રેમ અને વાત્સલ્ય જ રહે ને ? 'મારું તે જ સાચું' ને બદલે 'સાચું તે મારું' એવી દૃષ્ટિ આવતાં સાધકમાં વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, વૈચારિક ઔદાર્યતા આદિ અનેક ગુણો આવશે. જૈનનો સ્વાદ્વાદ કંઈ દરેક દર્શનને ખુશ રાખવા માટે નથી પરંતુ તેમાં અમુક દૃષ્ટિકોણથી સત્ય રહેલું છે માટે તેનો સ્વીકાર છે. આ ષટ્દર્શનના પ્રણેતા પણ મહાપુરુષો જ હતા, મહાન તત્ત્વચિંતક હતા. તેથી તેમની પ્રરૂપણા તદ્દન જૂઠી નહોતી. પોતાના ઊંડા ચિંતનના ફળસ્વરૂપે તેમણે જાત, જગત અને જગદીશ વિશે જે સત્ય અનુભવ્યું તેનું પ્રતિપાદન કર્યું. માત્ર ફરક એટલો કે જિનેશ્વરની જેમ સર્વજ્ઞતા, પૂર્ણ વીતરાગીપણું ન હોવાથી તેમાં સર્વાંગ સત્ય નહોતું. પરંતુ આનંદઘનજીએ તેમાં જે કંઈ સત્ય હતું તેની કદર કરી, તેમને જિનેશ્વરના જ અંગ ગણીને જૈનદર્શનની અપક્ષપાતતા, મધ્યસ્થતા અને ઔદાર્યતા બતાવે છે. આ આખા સ્તવનનો આ જ મધ્યવર્તી વિચાર છે. હવે આગળની ગાથાઓમાં વિવિધ દર્શનોને કઈ રીતે જિનના અંગ તરીકે આનંદઘનજી મૂકે છે તે જોઈએ :

**જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;**
**આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે.**

**— ષટ્ દરિશણ૰ ૨**

**શબ્દાર્થ :** સાંખ્ય અને યોગ આ બે પ્રકારના દર્શનને જિનેશ્વરના બે પગ રૂપે અથવા જિનેશ્વરરૂપી કલ્પવૃક્ષના પગ એટલે મૂળિયા રૂપે વખાણું છું. આત્મસત્તાનું વર્ણન કરતી વખતે આ બે અંગોનો ખેદ કર્યા વિના સ્વીકાર કરો. (સુરપાદપ = કલ્પવૃક્ષ; પાય = પગ; વખાણું = પ્રશંસા કરું છું, જાણું છું; દોય ભેદે = બે પ્રકારે; વિવરણ = વિવેચન, સમજૂતી; લહો = સ્વીકારો; દુગ = બંનેને; અખેદે = ખેદ કર્યા વિના, સંકોચ વિના)

**ભાવાર્થ :** આનંદઘનજી સૌ પ્રથમ સાંખ્ય અને યોગ આ બે દર્શનને જિનેશ્વરના બે અંગ એવા બે પગરૂપે વખાણે છે અર્થાત્ જણાવે છે, સ્વીકારે છે. બીજી રીતે જોઈએ તો મોક્ષરૂપી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર એવા કલ્પવૃક્ષ સમાન જિનેશ્વરના ધર્મના મૂળિયામાં આ બે દર્શન પણ છે એમ દર્શાવે છે. આ બે દર્શન અને જૈન વચ્ચે ઘણું સામ્ય છે, તેથી તેનો પ્રથમ ઉલ્લેખ કર્યો લાગે છે. સામ્ય આ રીતે છે, (૧) બંને દર્શન આત્માનો સ્વીકાર કરે છે.

(૨) બંને દરેક આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માને છે અને (૩) બંને ઈશ્વરને જગતકર્તા તરીકે માનતા નથી. હવે આ બંને દર્શનના સિદ્ધાંતને ટૂંકમાં જોઈએ, જેથી તે કઈ રીતે જિનના જ અંગ છે તે સમજાશે.

સાંખ્યદર્શનના પ્રણેતા શ્રી કપિલમુનિને માનવામાં આવે છે, જેની માન્યતા આ પ્રમાણે છે. 'પુરુષ' અને 'પ્રકૃતિ' એમ બે તત્ત્વ છે. 'પુરુષ' એટલે ચૈતન્ય, આત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અકર્તા, અભોક્તા, સદાય સાક્ષીમાત્ર છે. પ્રકૃતિ તે સત્ત્વ, રજસ, તમસ એમ ત્રિગુણાત્મક પણ જડ છે. મન, બુદ્ધિ, અહંકાર પ્રકૃતિની ઊપજ છે. પુરુષ અને પ્રકૃતિની વચ્ચે માત્ર સંયોગ સંબંધ છે. આત્માને બંધ કે મોક્ષ જેવું કંઈ નથી. અવિવેકના કારણે બંધનનો ભ્રમ થાય છે અને વિવેકજ્ઞાનથી તે ભ્રમ દૂર થાય છે, તે જ મુક્તિ છે. સાંખ્યની આ માન્યતાનો જૈનદર્શન પરમ શુદ્ધ નિશ્ચયનયથી સ્વીકાર કરે છે. આ નય આત્માને સદાય શુદ્ધ, અકર્તા, અભોક્તા, નિત્ય બતાવે છે. તેથી સાંખ્યની માન્યતા આ નયથી, આ અપેક્ષાથી જૈનનું જ અંગ બની રહે છે. પણ યાદ રહે કે આ અપેક્ષિત, આંશિક સત્ય છે. સર્વાંગ સત્ય નથી કારણ કે પર્યાયદૃષ્ટિને અહીં ગૌણ કરી છે.

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ છે. સાંખ્ય અને યોગ એકબીજાના પૂરક છે. તેથી આનંદઘનજીએ આ બેને સાથે મૂક્યા છે. સાંખ્ય દર્શને પ્રકૃતિ-પુરુષનો જે વિવેક કરવાનું કહ્યું છે તે વિવેક ચિત્તવૃત્તિના નિરોધથી થાય છે એમ યોગદર્શન કહે છે. તે ચિત્તવૃત્તિના નિરોધ માટે મહર્ષિ પતંજલિ અષ્ટાંગયોગની સાધના બતાવે છે. તે છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ અષ્ટાંગયોગની સાધના આત્મદર્શનમાં અત્યંત ઉપકારી છે એમ જૈનાચાર્યો પણ સ્વીકારે છે. એટલે સુધી કે તેના આધારે મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથની રચના કરી. વળી, તેના આધારે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'આઠ દૃષ્ટિની સજઝાય' લખી. યોગદર્શન પણ આત્માને સાંખ્યની જેમ અવિકારી માને છે, તેથી તે પણ જૈનનો નિશ્ચયનયરૂપ અંશ હોવાથી જિનનું જ એક અંગ બની રહે છે.

આમ, આત્મસત્તા અર્થાત્ આત્મતત્ત્વનું વિવરણ, વિવેચન જ્યારે કરીએ ત્યારે આ બે અંગોને જિનેશ્વરના જ અંગ તરીકે કોઈપણ જાતના ખેદ વિના કે સંકોચ વિના ગ્રહણ કરો એમ આનંદઘનજી ફરમાવે છે. જૈનદર્શનના જ તે અંશો હોવાથી તેનો અપેક્ષાપૂર્વકનો સ્વીકાર તે જિનભક્તનું કર્તવ્ય બને છે.

હવે આગળ બીજા બે દર્શનને જિનના અંગ તરીકે કઈ રીતે ઓળખાવે છે, તે જોઈએ :

**ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે,**
**લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે.**
**— ષટ્ દરિશણ૦ ૩**

**શબ્દાર્થ :** જિનવરના બે મજબૂત હાથરૂપે સૌગત અને મીમાંસક દર્શન છે, જે અનુક્રમે વસ્તુને ભેદરૂપે અને અભેદરૂપે માને છે. આ બે દૃષ્ટિના સમન્વયથી, તેના અવલંબનથી લોક-અલોકની સ્થિતિ છે એમ સમજીએ. તે વિશેષપણે ગુરુગમથી જ અવધારી શકાશે, સમજી શકાશે. (ભેદ = અખંડ વસ્તુમાં ખંડ પાડવો, ભેદ પાડવો; અભેદ = વસ્તુને એક અખંડપણે માનવી; સૌગત = બૌદ્ધ દર્શન; મીમાંસક = વેદાંત દર્શન; દોય કર = બે હાથ; ભારી = વજનદાર, મજબૂત; લોકાલોક = લોક અને અલોક; ભજીએ = સ્વીકારીએ, સમજીએ)

**ભાવાર્થ :** સૌગત એટલે બૌદ્ધદર્શન અને મીમાંસક એટલે વેદાંતદર્શનને આનંદઘનજી જિનેશ્વરના બીજા બે મુખ્ય અંગ - બે હાથરૂપે દર્શાવે છે. બૌદ્ધદર્શન આત્માને ભેદરૂપે ગ્રહણ કરે છે. તે ક્ષણિકવાદમાં માને છે. તે મુજબ એક સમયનો

આત્મા અને બીજા સમયના આત્મામાં ભેદ છે અર્થાત્ પહેલા સમયનો આત્મા ક્ષણિક હોવાથી નાશ પામે છે. બીજા સમયે નવીન આત્માની ઉત્પત્તિ અને નાશ. આમ, તેઓ આત્માને ક્ષણિક અને અનિત્ય માને છે. વેદાંતદર્શન આત્માને કૂટસ્થ નિત્ય માને છે. તે એક જ આત્માને અભેદરૂપે બ્રહ્મસ્વરૂપ માને છે; જે સદા અસંગ, અબંધ, સત્-ચિત-આનંદસ્વરૂપ છે. તેમાં દેખાતા પરિવર્તનો તે માત્ર કાલ્પનિક છે, માયા છે. જૈનદર્શન આત્માને 'પરિણામી નિત્ય' માને છે તેથી આ બંને દર્શનોનો તેમાં સમાવેશ થઈ જાય છે. **પર્યાયદૃષ્ટિએ** બૌદ્ધના ક્ષણિકવાદનો સ્વીકાર છે, કારણ કે વસ્તુની અવસ્થા ક્ષણે ક્ષણે પલટાતી જોવામાં આવે છે, આત્માના પરિણામ બદલાતા જોવામાં આવે છે. **દ્રવ્યદૃષ્ટિએ** જોતાં વેદાંતની આત્માના કૂટસ્થ નિત્યપણાની માન્યતાનો પણ સ્વીકાર છે, કારણ કે અવસ્થા બદલાતા છતાં આત્મપદાર્થનું અસ્તિત્વ કાયમ રહે છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે તેમ ''સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય'' છે. આમ, આત્મા સહિત દરેક પદાર્થ ટકીને બદલાય છે એ વૈજ્ઞાનિક હકીકત છે. દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય વસ્તુ સ્વરૂપને પ્રમાણભૂત કરતાં બે મુખ્ય અને બળવાન નય છે. અને તેથી તે નયને અનુરૂપ બે દર્શન-બૌદ્ધ અને વેદાંતને જિનેશ્વરના બે મજબૂત હાથરૂપે આનંદઘનજી ઓળખાવે છે. સમસ્ત લોકાલોકના પદાર્થો આ દ્રવ્ય-પર્યાયાત્મક સ્વરૂપના અવલંબનથી અસ્તિત્વ ધરાવે છે. આ સિદ્ધાંતોનું સૂક્ષ્મ સ્વરૂપ ગુરુગમથી અવધારવું, સમજવું ઉચિત છે એમ આનંદઘનજી પ્રેરણા કરે છે. હવે આગળ ચાર્વાક દર્શનની વાત કરે છે :

**લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે,**
**તત્ત્વ વિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે.**

**— ષટ્ દરિશણ૦ ૪**

**શબ્દાર્થ :** લોકાયતિક દર્શન જિનેશ્વરની કૂખરૂપે, પેટરૂપે છે એ રીતે તેને જિનના જ અંશરૂપે વિચાર કરીએ તો જિનેશ્વરના તત્ત્વજ્ઞાનરૂપી અમૃતરસની ધારા જ વહે છે એમ સમજાય. પરંતુ તે અમૃતધારા ગુરુગમ વિના કઈ રીતે પી શકાય, અનુભવી શકાય ? (લોકાયતિક = ચાર્વાક દર્શન; કૂખ = પેટ; સુધારરસધારા = અમૃતરસની ધારા)

**ભાવાર્થ :** લોકાયતિક એટલે ચાર્વાક દર્શન જે ઇન્દ્રિયથી પ્રત્યક્ષ હોય તે જ વસ્તુને સ્વીકારે છે. આત્મા ઈન્દ્રિયોથી દેખાતો કે અનુભવાતો નથી તેથી ચાર્વાક આત્માને ન માનનારું નાસ્તિક દર્શન ગણાય છે. નાસ્તિકનો પણ જિનના અંશ તરીકે કઈ રીતે સ્વીકાર કરી શકાય તેનો વિચાર કરતા જિનેશ્વરની અમૃતમય, પ્રેમમય અનેકાંતદૃષ્ટિયુક્ત તત્ત્વજ્ઞાનનો વિચાર આવે છે. ચાર્વાક જેવા નાસ્તિક દર્શનનો પણ સ્વીકાર કરનાર જિનેશ્વરની અમૃતરસમય વાણીનું રસપાન ગુરુગમ વિના થઈ શકે એવું નથી. ચાર્વાકને જિનેશ્વરના પેટરૂપે બતાવ્યું છે, કારણ કે જેમ પેટમાં ખાલીપો હોય છે તેમ ચાર્વાકમાં આત્મા જ નથી એ દૃષ્ટિએ ખાલીપો છે. ચાર્વાકદર્શનનો પણ સ્વીકાર કઈ રીતે છે તે જોઈએ. જેમ ચાર્વાક દર્શન પ્રત્યક્ષ પ્રમાણ - First hand Experienceમાં જ માને છે તેવી માન્યતાનો આધાર લઈ આત્માનો પણ પ્રત્યક્ષ રીતે અનુભવ કરવાની પ્રેરણા ચાર્વાકમાંથી મળે છે. પ્રશ્ન થાય કે આત્મા તો ઈન્દ્રિયગમ્ય નથી તો કઈ રીતે પ્રત્યક્ષ થાય ? તો જેમ ક્રોધ દેખાતો નથી છતાં પ્રત્યક્ષપણે અનુભવાય છે, તેમ આત્મા દેખાતો ન હોવા છતાં પ્રત્યક્ષ અનુભવી શકાય છે. ચાર્વાકનો પ્રત્યક્ષ પ્રમાણનો અભિગમ આ રીતે ઉપયોગી હોવાથી તેને પણ જિનના અંગરૂપે સ્વીકારવાની ઔદાર્યતા રાગ-દ્વેષ રહિત વીતરાગ ભગવંત વિના કોણ દાખવી શકે ?

આગળ જૈનદર્શનની સર્વોત્તમતા આદિ વિષયો આવશે. જે યથા અવસરે વિચારીશું. (**ક્રમશઃ**)

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
**(ક્રમાંક - ૭)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**ભગવાનનો મહિમા (બાહ્ય અને આંતર) ગાથા ૧૧-૧૨**

● **મૂળ શ્લોક : ગાથા - ૧૧** (વસંતતિલકા)


**दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं,**
**नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।**
**पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः**
**क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥११॥**

● **શબ્દાર્થ :** दृष्ट्वा - જોઈને, भवन्तम् - આપને(તમને), अनिमेष - આંખના પલકારા વિના, એકી નજરે, विलोकनीयं - દર્શન કરવા યોગ્ય, अन्यत्र - અન્ય કોઈ સ્થળે (વસ્તુ કે વ્યક્તિ), न - નહિ, तोषं - સંતોષને, उपयाति - પામતી, जनस्य - લોકોની, चक्षुः - આંખો, पीत्वा - પીને, पयः - દૂધ, शशिकरद्युति - ચંદ્રના કિરણોની કાંતિ સમાન ઉજ્જવલ, दुग्धसिन्धोः - क्षीरसमुद्रनुं, क्षारं जलं - ખારું પાણી, जलनिधेः - દરિયાનું (લવણસમુદ્રનું), रसितुं (પાઠાંતરમાં ક્યાંક रशीतुं પણ વપરાય છે કે જેનો અર્થ 'ખાવાને' થાય છે કે જે આગળ-પાછળના સંદર્ભમાં બેસતો નથી) - ચાખવાને (પીવા માટે), कः - કોણ, इच्छेत् - ઈચ્છે (?)

● **સમશ્લોકી અનુવાદ - ૧૧** (મંદાક્રાંતા) :

**જોવા જેવા જગમહીં કદી હોય તો આપ એક,**
**બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;**
**પીધું હોયે ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,**
**ખારાં ખારાં ઉદધિજળને કો પીએ કેમ માનું ? (૧૧)**

● **ભાવાર્થ :** હે પ્રભો ! અનિમેષ દૃષ્ટિએ (એકી નજરે) નિરંતર દર્શન કરવા યોગ્ય એવા આપને એકવાર જોયા પછી મનુષ્યની (લોકોની) આંખો અન્ય કોઈ સ્થળે (વસ્તુ કે વ્યક્તિ) સંતોષ પામતી નથી.



ચંદ્રના કિરણો સમાન ઉજ્જવળ ક્ષીર સમુદ્રના (દૂધ જેવા) પાણીને પીધાં પછી (લવણસમુદ્ર) દરિયાના ખારા પાણીને કોણ પીવા માટે ઈચ્છે ? (અર્થાત્ કોઈ જ નહિ).

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્યે આગળના શ્લોકોમાં ભગવાનની સ્તુતિ-સ્તવન-કીર્તનનો મહિમા જણાવ્યો, તેમની કથાનો તથા નામ-સ્મરણનો મહિમા કહ્યો અને હવે તેમના દર્શનનો મહિમા સમજાવે છે. ભક્તામર સ્તોત્રનું મંગલાચરણ, મહત્તા અને હેતુ પછી ૧૧મી કડીથી આચાર્યશ્રી આદિનાથ પ્રભુનું અનન્યપણું કેવી રીતે છે તથા અન્ય દેવો કરતાં તેઓ શા માટે વધુ સ્તુત્ય છે તે ઉદાહરણો સહિત દર્શાવે છે. પોતાના આ ભાવોની અભિવ્યક્તિ તેમણે પ્રભુને જ સંબોધીને કરી છે એ વિશેષતા છે.

અહીં આચાર્યશ્રી જણાવે છે કે સકળ જગતમાં નીરખવા યોગ્ય જો કોઈ પણ હોય તો તે એક આદિનાથ ભગવાન જ છે, તેઓ સર્વથી ઉત્તમ છે. આ કથન આપણે અપેક્ષાથી સમજીએ. આ અવસર્પિણી કાળમાં જુગલિયા(યુગલિયા) જીવોને કર્મભૂમિ (અસિ-મસિ-કૃષિ)ની સમજણ આપી જીવન જીવવાનું જ્ઞાન અને ભાન આદિનાથ પ્રભુએ જ સૌ પ્રથમ આપ્યું હતું. તે ઉપરાંત, ધર્મતીર્થનું સ્થાપન કર્યું. આ અવસર્પિણી કાળમાં સ્થાયી, નિત્ય, શાશ્વત એવા પૂર્ણ સુખની સૌ પ્રથમ ખોજ કરનાર અને એ અક્ષય અને અવ્યાબાધ સુખની પ્રાપ્તિ હેતુ મોક્ષમાર્ગનો ઉદ્યોત કરનાર વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ હતા અને તેથી જ તેઓ 'આદિનાથ' કહેવાયા. આમ, સાંસારિક અને પારમાર્થિક રીતે તેમણે જગતના જીવો પર અનેકવિધ ઉપકાર કર્યા હતા.

જ્યારે આવી ઉત્તમ વસ્તુ (પ્રભુદર્શન) પ્રતિ દૃષ્ટિ જતી હોય ત્યારે તેનાથી ઉતરતી કક્ષાની વસ્તુ પ્રતિ જવાના ભાવ કોણ કરે ? આચાર્ય કહે છે કે હે ભગવાન ! તમારું રૂપ અનુપમ છે. તે અનિમેષ દૃષ્ટિએ નિરંતર જોવા જેવું છે. જેઓ આ રીતે એક વાર તમારા દર્શન કરી લે છે, તેમના ચક્ષુને પછી જગતની બીજી કોઈ વસ્તુ (કે વ્યક્તિ) જોવાથી સંતોષ થતો નથી. દાખલા તરીકે કોઈ મનુષ્ય એકવાર ક્ષીરસમુદ્રનું મીઠા દૂધ જેવા નીરનું પાન કરે, તે શું દરિયાનું ખારું પાણી પીવા ઇચ્છે ખરો ? તાત્પર્ય કે ન જ ઇચ્છે.

સ્થૂળથી ઉત્તરોત્તર સૂક્ષ્મ તરફ જતાં, પ્રભુની સ્તુતિ-કથા-નામ સ્મરણ-દર્શનથી જીવોના પાપ નાશ પામે છે. શ્રી જિનેશ્વર દેવના સ્વરૂપ અંગે કહ્યું છે કે,

**प्रशमरस-निमग्नं दृष्टियुग्मं प्रसन्नं**
**वदनकमलमङ्कः कामिनी संग शून्यः ।**
**करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं**
**तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥**

હે દેવ ! તમારા ચક્ષુઓ પ્રશમરસથી ભરેલાં છે, તમારું વદનકમલ અતિ પ્રસન્ન છે અને તમે સ્ત્રી-સંગ રહિત છો. વળી, તમારા બંને હાથોમાં કોઈ શસ્ત્ર નથી. તેથી હે દેવ ! આ જગતમાં તમે જ સાચા વીતરાગ છો.

આવી શાંત-પ્રસન્ન-ભવ્ય મુખમુદ્રા જોયા પછી વિલાસી (વિકારી) ચહેરો જોવાનો કોને ગમે ? જ્યાં કોઈ પણ પ્રકારનો રાગ છે, ત્યાં વિલાસ અને પરિણામે વિકારના ભાવો મુખ ઉપર તરવરી આવે છે. તાત્પર્ય કે અન્ય સર્વ (સરાગી) દેવો કરતાં શ્રી જિનેશ્વર દેવની મુખમુદ્રા વધારે શાંત અને પ્રસન્ન હોઈ નિરંતર દર્શન કરવા યોગ્ય છે. જિનેશ્વર દેવના દર્શન વિશે કહેવાયું છે,

**દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।**
**દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥**

દેવાધિદેવ એવા શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરવા યોગ્ય છે. એ દર્શન પાપનો નાશ કરનારું છે, સ્વર્ગના પ્રશસ્ત પગથિયા જેવું છે અને મોક્ષનું ઉત્તમ સાધન છે.

પૂ. શ્રી રાકેશભાઈ કહે છે કે શ્લોક ૧૧-૧૩માં આચાર્યશ્રીએ તીર્થંકર ભગવાન આદિનાથના બાહ્ય અને ભીતરી સૌંદર્યની અદ્ભુત મીમાંસા (ઊંડુ વિવેચન) કરેલ છે. મૂળ વાત એ છે કે શાંતતા એ જ સૌંદર્ય અને સુંદરતા છે. ષટ્રસ (કે નવ રસ)માં શ્રેષ્ઠ શાંતરસ છે ને તે રસરાજ છે. બીજા બધા નીરસ છે ! શાંતરસ સ્વભાવજન્ય સ્વાભાવિક છે, જ્યારે બીજા રસ નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

જગતમાં એ તો સ્પષ્ટ જ છે કે સર્વ વસ્તુઓમાં જે શ્રેષ્ઠ હોય તે જ લેવાના ભાવ જીવ કરે છે. જે ઉત્તમ હોય તે જ ગ્રહવું અને અવલોકવું કે અવધારવું. એ અપેક્ષાએ માનતુંગાચાર્ય માત્ર આદિનાથ પ્રભુને જ સ્તવવાનો નિર્ધાર કરીને તેમના દર્શનને અનન્ય કહીને અનિમેષપણે નીરખે તે સ્વાભાવિક છે.

સમસ્ત સજીવ-નિર્જીવ વિશ્વરૂપ ૧૪ રાજલોક (૧૪ રાજુ/રજ્જુ પ્રમાણ ઊંચાઈ) જેમાં છે તે

લોકાકાશના મુખ્ય ત્રણ વિભાગ છે : ઊર્ધ્વલોક કે જેમાં મુખ્યપણે દેવો રહે છે, મધ્યલોક કે જેમાં પ્રાયે મનુષ્યો-તિર્યંચો છે તથા અધોલોક કે જેમાં પ્રધાનતાથી નારકી રહે છે. મધ્યલોકના કેન્દ્રમાં ઝાલર (થાળી) જેવો ગોળાકાર જંબુદ્વીપ (૧ લાખ યોજન પ્રમાણ) છે કે જેના (દક્ષિણ) ભરતક્ષેત્રમાં આપણે અને આપણી મર્યાદિત દુનિયા આવેલ છે. જંબુદ્વીપ ફરતા બંગડી આકારે અસંખ્ય સમુદ્રો-દ્વીપો અનુક્રમે વારાફરતી આવેલ છે અને અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર છે. ક્રમમાં જોઈએ તો જંબુદ્વીપ ફરતો લવણ સમુદ્ર (૨ લાખ), ધાતકી ખંડ (૪ લાખ), કાલોદધિ સમુદ્ર (૮ લાખ), પુષ્કરવર દ્વીપ (૧૬ લાખ), વારૂણિવર દ્વીપ અને સમુદ્ર, ક્ષીરવર દ્વીપ અને સમુદ્ર (પાંચમો ક્ષીરસમુદ્ર કે જેમાં મચ્છ-કચ્છ-મલિનતા નથી અને જેના નીરથી દેવો મેરુપર્વત પર પ્રભુનો અભિષેક કરે છે), ધૃતવર દ્વીપ અને સમુદ્ર, ઈક્ષુવર દ્વીપ અને સમુદ્ર અને આઠમો નંદીશ્વર દ્વીપ છે કે જ્યાં દેવો ભગવાનના કલ્યાણકો ઉજવે છે. જંબુદ્વીપથી અર્ધપુષ્કરવર દ્વીપ સુધીના અઢી દ્વીપનો વિસ્તાર ૪૫ લાખ યોજન છે કે જ્યાં મનુષ્યો રહે છે. તેનાથી સીધી ઊભી લીટીમાં લગભગ ૭ રાજુ ઊંચે લોકાગ્રે (અઢીદ્વીપ પ્રમાણ) ૪૫ લાખ યોજનની સિદ્ધશિલા છે કે જ્યાં અનંત સિદ્ધો સાદિ અનંત સમાધિસુખમાં બિરાજે છે.

પ્રભુભક્તિમાં લીન બનેલા અને લઘુતા-સમતા- એકતા અનુભવી રહેલા માનતુંગાચાર્ય આદિનાથ ભગવાનને જ પૂછે છે કે હે પ્રભુ ! શરદપૂર્ણિમાના સોળેકળાએ ખીલેલા ચંદ્રમા જેવું શ્વેત અને શીતળ એવું ક્ષીરસમુદ્રનું દૂધ જેવું નીર પીવા મળતું હોય તો તેને છોડીને જળસમુદ્રના ખારા પાણીને પીવાની ઈચ્છા કોણ કરે ? (અર્થાત્ કોઈ જ નહીં).

આદિનાથ પ્રભુના શાંતિદાયક શાંત સ્વરૂપને અનિમેષ નયને નિરખતાં જેવો આનંદ આવે છે તેવો આનંદ અન્ય કોઈ પણ સ્વરૂપને નિરખવાથી થતો નથી. એટલે કે અન્ય સર્વ ખારા સમુદ્રના પાણી જેવા છે, જ્યારે આદિનાથ પ્રભુ ક્ષીરસમુદ્રના (દૂધ જેવા) નીર સમાન છે. આનું કારણ એ છે કે જ્યારે કોઈ પણ કાર્યમાં સ્વાર્થવૃત્તિ હોય ત્યારે તેમાંથી મીઠાશ ચાલી જાય છે અને ખારાશ આવે છે. ત્યારે જે કાર્યમાં નિષ્કામ કરુણા અને કલ્યાણવૃત્તિ પથરાય છે ત્યારે તેમાં મીઠાશ આવે છે. દૂધનો શ્વેતરંગ સમતાનું અને દૂધ પોતે કરુણામય વાત્સલ્યનું પ્રતીક છે. એટલે જ જ્યારે ચંડકોશિયા નાગે ભગવાન મહાવીરના પગના અંગૂઠે દંશ દીધો ત્યારે, જગતના સર્વ જીવ પ્રત્યે સમભાવ અને કરુણા ધરાવતા વિશ્વવત્સલ પ્રભુના શરીરમાંથી લોહીને બદલે દૂધ નીકળ્યું ! એ જ ન્યાયે, આ જગતમાં માતાનું વાત્સલ્ય પણ સર્વોત્કૃષ્ટ હોય છે અને તે અમૃતતુલ્ય દૂધ રૂપે બાળકને મળે છે.

જ્યારે સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા પ્રત્યે દૃષ્ટિ સ્થિર (અનિમેષ નયને) કરવામાં આવે છે ત્યારે જુદા જ પ્રકારનો અનુભવ જીવને થાય છે. પ્રભુ કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના સર્વનું સર્વોત્તમ કલ્યાણ ઇચ્છે છે અને તેમની એ નિષ્કામ કરુણા-કલ્યાણ ભાવનાનો જીવને પરિચય થતાં તેમાંની ઉત્તમ મીઠાશને અનુભવે છે. આ કારણથી પ્રભુ એક જ નિરખવા યોગ્ય જણાયા છે. એમના પ્રતિ એકતાર થવાથી એમના જેવા ગુણો ક્રમે ક્રમે નિરખનારમાં પ્રગટે છે. આવા સંજોગોમાં ભગવાનને બદલે અન્યની ઈચ્છા કોણ કરે ?

આચાર્યશ્રી કહે છે કે, પ્રભુ ! બસ આપનું રૂપ (બાહ્ય, વહેવારથી) અને સ્વરૂપ (આંતરિક, નિશ્ચયથી) જોયા પછી હવે મારી દૃષ્ટિ કોઈ સરાગી દેવ-દેવીઓમાં ઠરતી નથી. શું આપનું વીતરાગતા અને સૌમ્યતાથી ભરેલું સ્વરૂપ છે ! વાત્સલ્ય અને (અસંસારગત) વહાલપ નીતરતું રૂપ છે !! બસ, મારા અંતરમાં હવે એક જ રણકાર છે તું હિ... તું હિ... તું હિ !!!

દર્શન શબ્દના બે મુખ્ય અર્થ છે : એક ચર્મચક્ષુથી બાહ્યદર્શન (વહેવારથી જગત / પુદ્ગલને જોવું) અને બીજું દિવ્યચક્ષુથી આંતરદર્શન (નિશ્ચયથી દેવ-ગુરુ-ધર્મને શ્રદ્ધવા તથા આત્માને અનુભવવો). અત્રે પરમાર્થથી જૈનદર્શનના પાયારૂપ, એકવાર

આવ્યા પછી મોક્ષને નિશ્ચિત રૂપે (વહેલું કે મોડું, દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ અનુસાર) અપાવનાર એવા સમક્તિની વાત છે. તેનું મહત્ત્વ આચાર્યશ્રીએ પ્રથમ શ્લોકમાં જ 'સમ્યક્ પ્રણમ્ય' કહીને બતાવ્યું છે. જિનેશ્વર ભગવંતોનું એક જ વાર દર્શન કર્યા પછી એટલે કે પરમાર્થે કેવળી પ્રરૂપિત ધર્મનો આસ્વાદ (આત્મ અનુભવ) ચાખ્યા પછી, તે વીતરાગ ધર્મની શ્રદ્ધા અંતરમાં પ્રગટ્યા પછી, જીવાત્માને અન્ય કોઈ પણ (સરાગી) દેવનું દર્શન કરવાની કે તેના ધર્મની જરા પણ રુચિ થતી નથી.

આ ગાથામાં ભગવાનની અંતરંગ (આત્માનું સ્વરૂપ) અને બહિરંગ (દેહનું રૂપ) એમ બંને પ્રકારની ઓળખાણ સહિત ભક્તિ છે. અહીં ભગવાન પ્રત્યેની ભક્તિમાં અર્પણતા અને સત્-અસત્નો વિવેક છે. તીર્થંકરોને આત્મામાં કેવળજ્ઞાનની દિવ્યતા સાથે બહારમાં પુણ્યની પણ દિવ્યતા હોય છે. જેમ ઝવેરાત જેવો ઊંચો કીમતી માલ રાખવાના બોક્ષ પણ સુશોભિત હોય છે તેમ તીર્થંકર દેવના આત્માની સર્વજ્ઞતા તો અચિંત્ય અને અદ્‌ભુત હોય છે પણ તેને રાખવાની પેટી/બોક્ષ-પરમ ઔદારિક શરીર, તે પણ સુંદર દિવ્યરૂપવાળું હોય છે. ઇંદ્ર મહારાજા પણ તે જોતા ધરાતા નથી અને તેથી વૈક્રિય શક્તિથી હજાર નેત્રોથી પ્રભુને અનિમેષ જોયા જ કરે છે. આ દૃષ્ટિરાગ નથી પણ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તેની દૃષ્ટિમાંથી પ્રભુ અને પ્રભુદર્શન ખસતા નથી. એકલા બહારના ડબાને (શરીરને) દેખે પણ અંદરના માલને (ભગવાનનો પૂર્ણ શુદ્ધ પવિત્ર આત્મા) ન ઓળખે તો પારમાર્થિક લાભ ન થાય. એટલે જ શ્રીમદ્‌જીએ આત્મસિદ્ધિમાં કહ્યું કે,


**જે જિનદેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ.(આ.૨૫)**

તેવા જીવોને તેમણે મતાર્થી (અજ્ઞાની, બહિરાત્મા) કહ્યા. ધર્મી (આત્માર્થી) જીવો તો અંદરના માલને એટલે કે ચૈતન્ય સ્વભાવને ઓળખીને જ ભગવાનની ભક્તિ કરે છે. જગતથી ઉદાસ પણ ભગવંતના દાસ એવા ધર્મી જીવ ભગવાનને જોતા શાંત રસમાં ઠરી જાય છે. પરમાત્માની પૂર્ણતા અને સાધકની શરૂઆત, એવી સંધિપૂર્વકની આ ભક્તિ છે. પુત્ર (પરિવાર)ની પ્રશંસાથી રાગ પોષાય છે, જ્યારે પ્રભુ (ગુણો)ની પ્રશંસાથી વીતરાગતા પોષાય છે.

● **મૂળ શ્લોક : ગાથા - ૧૨** (વસંતતિલકા)

**यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं,**
**निर्मापितस्त्रिभुवनै कललामभूत ।**
**तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां,**
**यत्ते समानमपरं नहि रुपमस्ति ॥ १२ ॥**

● **શબ્દાર્થ :** यैः - જે, शान्तरागरुचिभिः - શાંતરસથી ભરેલા મનોહર, જેમના મોહ-મમતા શાંત થવાથી પ્રશમરસની કાંતિ પ્રગટી છે એવા, परमाणुभिः - (પરમ ઔદારિક) પરમાણુઓ વડે, त्वम् - આપનું



(શરીર), निर्मापितः – નિર્માયેલ/ઘડાયેલ છે, स्त्रिभुवनै – ત્રણ ભુવન (લોક), एक – અદ્વિતીય, ललामभूत – અલંકારરૂપ (સુંદર, શ્રેષ્ઠ, રમણીય), तावन्त एव – તેટલા જ, खलु – ખરેખર, ते अणवः – તે પરમાણુઓ (અણુઓ), अपि – પણ, पृथिव्याम् – જગતમાં, यत् – જેથી, ते समानम् – તમારા જેવું, अपरम् – બીજું, नहि अस्ति – નથી, रुपम् – રૂપ.

**● સમશ્લોકી અનુવાદ - ૧૨** (મંદાક્રાંતા) :

**જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડ્યા છે,**
**તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા ! આપમાંહી જડ્યા છે;**
**આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,**
**તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. (૧૨)**

**● ભાવાર્થ :** ત્રણ ભુવનના અદ્વિતીય અલંકારરૂપ હે પ્રભો ! શાંતરસની પ્રભાવાળા જે ઉજ્જવળ પરમાણુઓ વડે આપનું શરીર બનેલું છે તે પરમાણુઓ આ પૃથ્વીને વિશે ખરેખર તેટલા જ હતા. તેથી જ આપના સમાન રૂપવંત બીજું કોઈ (હવે) નથી.

**● વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્ય કહે છે કે પ્રભુ ! તમારા અંતરમાં શમરસ પ્રગટેલો છે અને તેનો ભાવ તમારા મુખમંડલ પર તરવરે છે, તેથી તમે શાંતરસની સાક્ષાત્ મૂર્તિ હોય તેવા જણાઓ છો. તમારા જેવો શાંત રસ અન્ય કોઈ વ્યક્તિના મુખ પર જોવામાં આવતો નથી. આ કડીમાં આચાર્યશ્રી પ્રભુનું રૂપ શા માટે અનન્ય છે તે માટેનું એક તાર્કિક કારણ આપે છે. તેઓ કહે છે કે હે પ્રભુ ! આ પૃથ્વી ઉપર તમે અંતિમ દેહ ધારણ કર્યો હતો. ત્યાં જે જે ઉત્તમ પરમાણુઓ ઠેકઠેકાણે પથરાયેલા હતા તે પ્રત્યેકને તમારા આત્માએ ગ્રહણ કરી લીધા, અને સર્વોત્તમ દેહરચના કરી (શરીર પર્યાપ્તિ). આ જગતમાં શાંતરસના જેટલા પરમાણુઓ હશે, તે બધા તમારા શરીરનું નિર્માણ કરવામાં વપરાઈ ગયા હશે. જો એમાંના કોઈ પણ પરમાણુ શેષ રહ્યાં હોત તો તમારા જેવી અન્ય શાંતમૂર્તિ અવશ્ય નિર્માણ થઈ હોત. પરંતુ એવી શાંતમૂર્તિ અન્ય કોઈ નિર્માણ થઈ નથી. તાત્પર્ય કે તમારું એક અનોખું રૂપ છે કે જેની સરખામણી આ જગતની અન્ય કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે થઈ શકે તેમ નથી.

આ ગાથામાં પ્રભુના દેહની ઉત્તમતા બતાવવા સાથે માનતુંગાચાર્ય આપણને એક સુંદર સિદ્ધાંતનું પણ જ્ઞાન આપે છે. જીવના ભાવ જેમ જેમ ઊર્ધ્વકક્ષાના થતા જાય છે તેમ તેમ તે શુભભાવને લીધે શુભ પ્રકારના પરમાણુઓ જ તે જીવથી ગ્રહાય છે. જેટલા ભાવ ઊંચા તેટલા ઊંચા પ્રકારના પરમાણુ જીવ ગ્રહણ કરે. તીર્થંકર ભગવંતના ભાવ તો સર્વોત્તમ હોય છે. આવા ઉત્કૃષ્ટ ભાવ સેવનાર એવો જ ઉત્કૃષ્ટ દેહ (પરમ ઔદારિક) ધારણ કરે તેમાં નવાઈ નથી. આમ સર્વોત્તમ ભાવો ભાવીને પ્રભુએ કોઈ પણ ઉત્તમ દેહાણુને બહાર રહેવા દીધા નથી. અહીં પરમાર્થ એ છે કે જેમ જેમ પોતાના ભાવોનું ઊર્ધ્વીકરણ થતું જશે તેમ તેમ ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત થતી જશે. ભાવોના ઊર્ધ્વીકરણ માટે પ્રભુના ગુણોમાં લીન બનવું એ જ ભક્તજન માટે પરમ કર્તવ્ય છે.

આચાર્ય કહે છે કે હે પ્રભુ ! તમારા જેવું સુંદર સ્વરૂપ અન્ય કોઈનું નથી. શ્રી આદિનાથ પરમાત્મા ચંદ્ર જેવા શીતળ અને પ્રસન્નતા આપનાર દૂધ જેવા ઉજ્જવળ છે. તેમના એ શાંતિદાયક અને શાંતસ્વરૂપનું કારણ એ જ છે કે પૂર્વે ત્રીજા ભવમાં તેમના જીવે કરેલ ૨૦ સ્થાનક આરાધના, ૧૬ કારણભાવના અને 'સવ્વી જીવ કરું શાસનરસી'ની ભાવના ઉત્કૃષ્ટ રસથી ભાવેલી હોય છે. તેના ફળ સ્વરૂપે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. તેના પ્રભાવથી તેમને ચાર અતિશયો જન્મથી જ હોય છે. (૧) તીર્થંકરના કેશ-નખ વધે નહીં અને સુશોભિત રહે, (૨) લોહી-માંસ ગાયના દૂધ સમાન સફેદ, (૩) શ્વાસોચ્છ્વાસ પદ્મકમળ સમાન સુગંધિત અને (૪) આહાર-નિહાર ચક્ષુ અગોચર (અદૃશ્ય). તાત્પર્ય કે લોકોત્તર સ્વરૂપવાળો પ્રભુનો દેહ હોય છે. તેમના પુણ્યનો પ્રકર્ષ એટલો બધો તીવ્ર હોય છે કે જગતના બધા શાંત, સ્વચ્છ અને સુંદર પરમ ઔદારિક પરમાણુઓથી તેઓના દેહની રચના થાય છે. તેઓના

ભાવ પણ તે વખતે શાંત-પ્રશાંત અને ઉચ્ચકક્ષાના શુભભાવ હોય છે. તેથી તેવા પ્રકારના શુભ અને શાંત પરમાણુઓ જ દેહરચનામાં શરીર પર્યાપ્તિ વખતે ગ્રહણ થાય છે. તેથી જ તેમના સમાન રૂપ આ જગતમાં અન્ય કોઈનું હોતું નથી.

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એક સમયે એક જ તીર્થંકર હોય છે. તેથી જ તેમને એક અને અનન્ય કહ્યા. 'શાંતરસવાળા જ પરમાણુ' કહેવાનો આશય એ છે કે કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર ભગવંતોને મુખ્યત્વે શાતાવેદનીય કર્મનો જ ઉદય વર્તે છે. તે ઉપરાંત તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ઉપજ્યા પછી બીજા (સ્વકૃત અને દેવકૃત) ૩૦ અતિશયો પ્રગટે છે. તેમાંનો એક એવો અતિશય હોય છે કે જેના પ્રભાવથી તીર્થંકર ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં ૨૫ જોજન સુધી સર્વત્ર શાંતિ વર્તતી હોય છે. મરકી આદિ રોગો સંપૂર્ણપણે નાશ પામે અને નોળિયો-સર્પ આદિના જન્મ-જાત વેર પણ શાંત થઈ જાય છે. વળી, તીર્થંકર ભગવંતોના જન્મ સમયે નારકીના જીવોને પણ ઘોર ક્ષેત્રવેદનામાંય ક્ષણભર શાતા ઉપજતી હોય છે. તો પછી ત્રણેય લોકના બીજા જીવોની શાંતિની તો વાત જ શું કરવી ?

હવે જો જડ પુદ્ગલોના ઔદારિક શરીરનું પણ આટલું વધુ માહાત્મ્ય હોય તો પછી પ્રભુના ચૈતન્ય સ્વરૂપનું, તેમના અત્યંત નિર્મળ થયેલા આત્મ-પ્રદેશોનો પ્રભાવ તો કેટલો બધો કલ્યાણકારી હોય તે શબ્દથી વર્ણવી શકાય નહીં તેવું શબ્દાતીત માહાત્મ્ય હોય છે. તેથી જ તેમના સમાગમમાં આવતા હર કોઈ જીવાત્મા પર તેમની નિર્મળતાનો પ્રભાવ પડે છે અને ભાવોનું ઊર્ધ્વીકરણ થઈને ચડતા ભાવ પર્યાયને પામે છે.

પૂ. શ્રી આત્માનંદજી કહે છે કે સાચા ભાવથી અને નિર્મળતાથી પ્રભુના દર્શન કરતા આપણામાં શાંતભાવ (સંકલ્પ-વિકલ્પની મંદતા), સમાધિભાવ (એકાગ્રતા અને લીનતા), વૈરાગ્યભાવ (શાંતિ અને સમાધિનું ફળ) અને પરિણામે પ્રસન્નતા (આપણા અનંત સુખ-આનંદ ગુણની પર્યાય) પ્રગટે છે.

તીર્થંકર પ્રભુનો એક અતિશય એવો હોય છે કે તેમના દિવ્ય શરીરમાં જોનારને પોતાના આગળના (૩), પાછળના (૩) - વર્તમાનના (૧) એમ ૭ ભવનું જ્ઞાન થઈ જાય છે, અને સર્વ પ્રકારે પ્રભુના શુદ્ધ 'ચૈતન્યરૂપ'ને જે જુએ તેને તો ભવવગરનો પોતાનો સ્વભાવ અનુભવાય છે. સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા તે આપણા આત્માનું શુદ્ધરૂપ જોવા માટેનું દર્પણ છે. ભગવાન જાણે સામે જ બિરાજતા હોય ને પોતે તેમની સ્તુતિ કરતા હોય એવા અદ્ભુત ભાવોથી આ ભક્તામર સ્તોત્ર રચ્યું છે. પ્રભુની મુદ્રા એકદમ વીતરાગ, મહાસુંદર, શાંત-શાંત, ગંભીર અને પ્રસન્ન હોય છે. જોનારને ચારે બાજુથી ભગવાન પોતાની સન્મુખ જ દેખાય છે.

પૂ. શ્રી કાનજીસ્વામી કહે છે કે હે ભવ્ય ! આવા ત્રણ લોકમાં શ્રેષ્ઠ પરમાત્માને ઓળખીને તેમની ભક્તિ કરવાથી તારોય ભવનો અંત આવી જશે. કેવળી ભગવાનની ને તેમના અતીન્દ્રિય સુખની પ્રતીતિ જેના અંતરમાં બેઠી તે જીવ અત્યંત આસન્નભવ્ય એટલે કે નજીકમાં જ મોક્ષગામી છે. શ્રી કુંદકુંદાચાર્ય 'પ્રવચનસાર'માં કહે છે,

**સુણી ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે.(૬૨)**

અહીં ચૈતન્યમાં ઉત્કૃષ્ટ પરિણમનરૂપ સર્વજ્ઞતા થઈ, ત્યાં બહાર પુદ્ગલમાં પણ ઉત્કૃષ્ટ પરિણમનરૂપ પરમ શાંત દેહરચના થઈ. જેમ કેવળજ્ઞાનથી ઊંચુ કોઈ જ્ઞાન જગતમાં નથી, તેમ પ્રભુના પરમ ઔદારિક શરીરથી વધુ કોઈ રૂપ જગતમાં નથી.

સર્વ જીવ પ્રભુદર્શનથી સર્વપાપોનો નાશ કરીને કાળાંતરે મોક્ષ પામે તેવી મંગલ ભાવના સાથે, શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

### સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા

સર્વપ્રથમ પ્રત્યક્ષ જ્ઞાની ગુરુથી અથવા આગમના અભ્યાસથી જીવાદિ તત્ત્વોનું યથાર્થ પરિજ્ઞાન કરવું જોઈએ. પછી આપણી સુબુદ્ધિ કે સુયુક્તિના અવલંબનથી જેની પ્રાપ્તિ ગુરુઓની કૃપાપ્રસાદીથી થઈ છે તેના દ્વારા તેની યથાર્થતાની પરીક્ષા કરવી જોઈએ. અહીં પરીક્ષા કરવાનો અર્થ સંશયબુદ્ધિથી સત્યાસત્યને જાણવાનો નથી પણ શ્રદ્ધાબુદ્ધિથી જે જીવાદિ તત્ત્વોને જે રૂપમાં બતાવ્યા છે તેવા જ જાણીને પોતે પોતાના પ્રયોગ દ્વારા તેનું પરીક્ષણ કરે છે. જેમ કે 'ઉપયોગ' લક્ષણ યુક્ત જીવતત્ત્વ કહ્યું છે. જે જાણવા, જોવાવાળી સત્તા છે તે જીવ તત્ત્વ છે. તેની પરીક્ષા કરવા માટે દેહ, ઈન્દ્રિય, વાણી, સંકલ્પ, વિકલ્પ ઈત્યાદિ બધાને બાદ કરતા જઈએ તો પણ અંતમાં કોઈ વસ્તુ શેષ બચે છે, જે બધાની સાક્ષીભૂત છે, તે જ જીવતત્ત્વ 'હું છું'. આ જીવ તત્ત્વનું બૌદ્ધિક પરીક્ષણ છે.

બીજું અજીવતત્ત્વ છે. જેમાં જાણવા-જોવાની ક્ષમતા નથી તે અજીવતત્ત્વ છે. તે પાંચ પ્રકારથી છે :

(૧) **પુદ્ગલ :** જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ યુક્ત છે તથા સદૈવ પુરણ-ગલન કરતું રહે છે તે પુદ્ગલ છે. આ જગતમાં જે કંઈપણ દેખાય છે તે બધું બદલાતું રહે છે. કોઈપણ જડ વસ્તુ શાશ્વત નથી તથા બધાનો કાંઈકને કાંઈક સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે તેથી પુદ્ગલનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે.

(૨) **ધર્માસ્તિકાય :** જે જીવો તથા પુદ્ગલોને ગતિમાં ઉદાસીન નિમિત્ત છે તેને ધર્માસ્તિકાય કહે છે, જોકે તે અરૂપી હોવાથી દેખાતું નથી પરંતુ જીવો અને પુદ્ગલોને ગતિ કરતા જોઈને શ્રદ્ધાથી તેનું અનુમાન કરી શકાય છે.

(૩) **અધર્માસ્તિકાય :** તેનાથી વિપરીત સ્થિતિ કરવામાં ઉદાસીન નિમિત્ત છે. જેનું શ્રદ્ધાન પણ જીવ અને પુદ્ગલોની સ્થિરતા જોઈને સર્વજ્ઞની આજ્ઞાથી સિદ્ધ કરી શકાય છે.

(૪) **આકાશ :** જો કે તે દષ્ટિગોચર નથી પરંતુ સ્પષ્ટ અનુમાન તથા સમજણમાં આવી જાય છે કે વસ્તુ જેટલી જગ્યા રોકે છે તે આકાશ છે. જીવાદિ પાંચે પદાર્થ આકાશમાં જ સ્થિત છે તેથી આકાશ સ્વયં સિદ્ધ છે.

(૫) **કાળ :** કાળ તે દેખાતો નથી પણ વસ્તુઓના પરિવર્તનરૂપથી તેનું સ્પષ્ટ અનુમાન થાય છે.

આ રીતે જીવ તથા અજીવ પદાર્થ જેવા સર્વજ્ઞ ભગવાને બતાવ્યા છે તેવા પ્રમાણ સહિત સિદ્ધ થાય છે. આગળ જીવ અને પુદ્ગલના સંયોગથી નિર્મિત પાંચ સંયોગિક તત્ત્વોનું પરીક્ષણ કરીશું.

**(૩) આસ્રવ :**

મિથ્યાત્વ, અસંયમ, કષાય, પ્રમાદ તથા યોગ આ પાંચ ભાવો કરવાથી કર્મોનું આત્મા તરફ જે આગમન થાય છે તે આસ્રવ કહેવાય છે અને આનાથી જ પછી કર્મોનું બંધન કરીને જીવ સંસારપરિભ્રમણ કરે છે. આ જગતમાં કેટલાક જીવો એકદમ શાંત, નિરાકુળ, આનંદમગ્ન દેખાય છે તથા ઘણા જીવ અશાંત, આકુળવ્યાકુળ દેખાય છે. જે જેટલા વિવેકવાન છે, સંયમી છે, અપ્રમાદી છે, નિર્દોષ તથા સ્થિર છે તેટલા જ તે સુખી છે. આનો અર્થ એ છે કે વિવેકાદિથી વિપરીત મિથ્યાત્વાદિ જ કર્મબંધ કરાવી જીવને આકુળ-વ્યાકુળ કરે છે, કારણ કે કર્મોના ઉદયથી જીવ પ્રત્યક્ષ આકુળ-વ્યાકુળ થતાં જોઈ શકાય છે. આ આસ્રવ તત્વનું પ્રમાણ છે. આ આસ્રવ પણ પુણ્ય તથા પાપ

બે પ્રકારથી છે. જે વ્યક્તિ સારા કાર્ય કરે તેને પ્રત્યક્ષ યશાદિ સામગ્રી મળતી જોઈ શકાય છે તથા જેઓ નીચ કાર્ય કરે છે તેઓ પ્રત્યક્ષ બધાની નિંદાનું પાત્ર બને છે. માટે પાપ-પુણ્ય પણ સિદ્ધ થઈ જાય છે.

(૪) **બંધતત્ત્વ :** સંસારી જીવોમાં અજ્ઞાન, મોહ, રાગ, દ્વેષ આદિ ભાવ સ્પષ્ટ દેખાય જ છે. આ ભાવો કેમ થાય છે ? તો પૂર્વકર્મોના ઉદયના નિમિત્તથી. એનો અર્થ એ છે કે આપણા આત્મામાં પહેલાથી જ કર્મોનું બંધન છે જ. અનાદિકાળથી જીવ કષાય તથા યોગોની પ્રવૃત્તિઓથી કર્મ બાંધતો આવ્યો છે. જે સમયે સમયે ઉદયમાં આવતા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. તેથી બંધ પણ સિદ્ધ થાય છે.

(૫) **સંવરતત્ત્વ :** જે આસ્રવ તથા બંધના કારણ છે તેનાથી ઠીક વિપરીત આત્મજ્ઞાન, સંયમ, સમતાભાવ, શાંતભાવ, સ્થિરતા ઈત્યાદિથી કર્મોનું આવવું રોકાઈ જાય છે. આ સ્પષ્ટ અનુમાન જ્ઞાનનો વિષય છે. ઉચ્ચ સાધક, તપસ્વી આદિનું શાંત જીવન તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

(૬) **નિર્જરાતત્ત્વ :** તપાદિ દ્વારા પૂર્વ સત્તાગત કર્મોને આત્માથી પૃથક્ કરી શકીએ છીએ એવું સ્પષ્ટ સમજી શકાય છે કારણ કે જો કર્મોની નિર્જરા ન થાય તો કોઈ જીવનો મોક્ષ પણ થઈ શકે નહિ, જે પ્રકૃતિ વિરુદ્ધ વાત છે. તેથી નિર્જરા તત્ત્વ પણ સ્વતઃ સિદ્ધ છે.

(૭) **મોક્ષતત્ત્વ :** જ્યારે નિર્જરા તત્ત્વ સિદ્ધ થાય છે ત્યારે મોક્ષ સ્વયં જ સિદ્ધ થઈ જાય છે કારણ કે જ્યારે થોડા કર્મોને આપણે કાઢી શકીએ છીએ તો પછી વધારે પુરુષાર્થ કરીને બધા કર્મોને પણ કાઢી શકીએ છીએ. આ તો સામાન્ય સમજની વાત છે. બીજું સર્વ પ્રાણીઓમાં જ્ઞાન, આનંદ, શાંતિ, શક્તિ આદિ વધારે-ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જો આ ગુણ અંશમાં પ્રગટ થયેલા છે તો તેને યોગ્ય પ્રક્રિયા દ્વારા તેનો પૂર્ણ વિકાસ પણ નિશ્ચિત રૂપથી કરી શકીએ છીએ. તેની પૂર્ણતા જ મોક્ષ તત્ત્વ છે.

આ રીતે સાધક પોતાની ક્ષયોપશમ શક્તિ તથા ગુરુજ્ઞાનની શ્રદ્ધાના આધારે જીવાદિ તત્ત્વોનું પરીક્ષણ કર્યા બાદ દૃઢ શ્રદ્ધાનથી તેને હેય-જ્ઞેય-ઉપાદેય આ ત્રણ શ્રેણીઓમાં વિભક્ત કરીને અશુદ્ધ જીવ, આસ્રવ તથા બંધ - આ હેય તત્ત્વોને ધીરે ધીરે યોગ્ય પુરુષાર્થ દ્વારા ત્યાગે છે. અજીવ તત્ત્વને જાણીને તેમાં મધ્યસ્થ બુદ્ધિ રાખે છે તથા શુદ્ધજીવ, સંવર, નિર્જરા તથા મોક્ષને ઉપાદેય માનીને તેમને પ્રાપ્ત કરવા યોગ્ય કારણોનું સેવન કરે છે.

આ પ્રક્રિયા દ્વારા જીવાદિ તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનના ફળ સ્વરૂપ સાધક સ્વતત્ત્વ નિજ ચૈતન્યની અભિમુખ થાય છે તથા પર દ્રવ્યોથી વિમુખ થાય છે. આ પ્રક્રિયાથી જ સાધક સ્વતત્ત્વ, ચૈતન્ય તત્ત્વનું સ્વસંવેદન કરે છે ત્યારે તત્ત્વાર્થ શ્રદ્ધાન પારમાર્થિકતાને પ્રાપ્ત થાય છે અને એ જ આપણો લક્ષ હોવો જોઈએ.

આ પ્રક્રિયાને અપનાવીને કોઈ પણ ભવ્ય જીવ પોતાના આત્મામાં સમ્યક્ત્વને પ્રગટ કરી શકે છે, એવું મહાન તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે.

### ઉપસંહાર

આપણે અલગ અલગ રીતે બધા અનુયોગો, નયો, પ્રમાણો આદિ દ્વારા સમ્યગ્દર્શનના સ્વરૂપને સારી રીતે જાણ્યું. વસ્તુને જ્યારે બધી બાજુથી પરિપૂર્ણરૂપથી જાણીએ છીએ ત્યારે જ તેમાં દૃઢ શ્રદ્ધાન થાય છે. વસ્તુને અધકચરી (અધૂરી) જાણવાથી તેમાં સંશય રહેવાની સંભાવનાઓ રહે છે. તેથી આપણે આપણી અલ્પ શક્તિ અનુસાર સમ્યગ્દર્શનના સ્વરૂપને અહીં લેખનબદ્ધ કર્યું છે. પ્રયોજનભૂત લગભગ બધી સામગ્રીનો આમાં સમાવેશ કર્યો છે. તો પણ તુચ્છ બુદ્ધિના કારણે ઘણું બધું જે છૂટી ગયું છે તેને વિશેષ આગમ શાસ્ત્રોથી જાણવું.

હીનબુદ્ધિને કારણે કંઈ પણ આગમથી વિરુદ્ધ લખ્યું હોય તો સુજ્ઞજન તેને સુધારીને ગ્રહણ કરે તથા ક્ષમાપાત્ર સમજીને ક્ષમા કરે !

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥ **(સમાપ્ત)**

# દશિ શક્તિ - ૩

વલભજી હીરજી 'કેવલ'

ત્રીજી દશિશક્તિ છે, તે અનાકાર ઉપયોગરૂપ છે. દર્શનક્રિયારૂપ આ શક્તિનું પૂર્ણ કાર્ય સર્વદર્શિત્વ છે. એકલા પરલક્ષે કામ કરે તે દર્શન નહિ પણ સ્વલક્ષે આત્માને પકડવાનું જે દર્શન થાય તે જ ખરો દર્શન ઉપયોગ છે. આત્માનો ઉપયોગ-આત્મામાં સમસ્ત સત્તાને દેખવાની તાકાત છે, આવો આત્મા સમજીને પામવા જેવું છે. બાકી તો સંસારમાં બધું અસાર છે. આત્માની પ્રભુતા જુદી જાતની છે. આત્માના સ્વરૂપની ખબર વગર ધર્મ કેમ થાય ?

જે શક્તિવાન આત્માની આ શક્તિઓ છે તેના ઉપર દૃષ્ટિ કરતા શક્તિ પોતે કારણ થઈને નિર્મળ કાર્યરૂપ પરિણમે છે, એટલે સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન વગેરે પ્રગટે છે. આવું શક્તિનું નિર્મળ કાર્ય પ્રગટ કરે ત્યારે શક્તિવાળા આત્માને ખરેખર જાણ્યો કહેવાય. શક્તિવાન એવા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જ તેની શક્તિનું ખરું જ્ઞાન થાય છે ને તેનું નિર્મળ કાર્ય પ્રગટે છે. ગુણ ગુણીનો છે, ગુણીને જાણ્યા વગર તેનો ગુણ ક્યાંથી જણાય ? ભાષા અને વિકલ્પના પ્રવાહથી જુદો જે ચૈતન્યપ્રવાહ ચાલી રહ્યો છે તે જ જીવનું ખરું પરિણામ છે. આને બદલે ભાષાને તથા વિકારને એટલે અજીવને તથા આસ્રવને જે પોતાનું પરિણમન માને છે તે સાચા જીવતત્ત્વને જાણતો નથી. જગતના પ્રવાહથી જુદું તારું ચૈતન્યપૂર તારા અંતરમાં ચાલી રહ્યું છે તેને તો દેખ.

આત્મા સહિત સર્વ પદાર્થોની સત્તાને જે દેખે તે જ દર્શનશક્તિનું ખરું કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રહેલી દર્શનશક્તિ પર્યાયમાં ક્યારેય પરિણમે ? કે જ્યારે અખંડ ઉપયોગથી સ્વને પકડે ત્યારે. સ્વને જાણતાં સ્વમાં દર્શન ઉપયોગને જોડે તે 'સ્વ સમય' છે. ત્યાં દર્શનગુણ નિર્મળ પરિણમીને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે, અને તે આત્મા છે. આવા આત્માને જાણે ત્યારે આત્માને જાણ્યો કહેવાય અને ત્યારે આત્મા પ્રસિદ્ધ થાય. આત્મામાં એક ઉપયોગ સ્વભાવ છે. તેમાં દર્શન ને જ્ઞાન સમાય છે. પરના અવલંબન વગરનો ઉપયોગ તે જ આત્માની શક્તિનું કાર્ય છે.

આત્માની દર્શનશક્તિની સ્વાશ્રિત પરિણતિમાં ચક્ષુદર્શન વગેરે ક્ષયોપશમ ભાવે છે ને કેવળદર્શન ક્ષાયિક ભાવે છે. તેમાં ઉપશમભાવ નથી. ઉદયભાવનો પણ તેમાં અભાવ છે. ચક્ષુદર્શન કહ્યું છતાં તે કાંઈ ચક્ષુવડે થતું નથી. આંખથી જોયું કે આ ભગવાન છે તે તો જ્ઞાન થઈ ગયું. ચક્ષુના વિષયને જાણવા પહેલા છદ્મસ્થનો જે ઉપયોગ તે ચક્ષુદર્શન છે. આ દર્શન ઉપયોગનું સ્વરૂપ જરાક સૂક્ષ્મ છે. સર્વજ્ઞને દર્શન-જ્ઞાન બંને સાથે હોય છે.

આવા તીર્થંકર ભગવાન છે. આવું સમવસરણ છે. હું સમવસરણમાં બેઠો છું ને પ્રભુની વાણી સાંભળું છું, એમ પૂર્વનો ભાસ થવો તે જ્ઞાન છે. સ્મૃતિનો એક પ્રકાર છે. તે કાંઈ દર્શન ઉપયોગ નથી. દર્શન ઉપયોગ કોઈ ભિન્ન કારકોની અપેક્ષા વગર સ્વસત્તાના અભિન્નકારકોથી પરિણમે છે. સ્વસત્તાનો મહિમા કર. એને લક્ષમાં લે. એના આશ્રયે જ્ઞાનભાવ પ્રગટશે ને તે જ્ઞાનભાવની સાથે કેવળદર્શન પરિણતિ પણ ભેગી જ ઊછળશે. દશિશક્તિવાળા આત્માની દૃષ્ટિનું આ ફળ છે.

■ ■ ■

**જીવન ક્ષણભંગુર છે. આયુષ્ય ચંચળ છે. પંખીઓ જેમ એક ઝાડ પર ભેગા થઈ સવારે ઊડી જાય છે, તેમ આ સ્નેહીઓ ક્યારે વિખૂટાં પડી જશે તેની ખબર નહીં પડે. માટે, જ્યાં સુધી આ કાયા સાજી છે, મન રાજી છે અને તારા હાથમાં બાજી છે ત્યાં સુધી થાય તેટલો ધર્મ કરી લે. મોત ક્યારે આવશે તેની ખબર પડતી નથી.**

# ‘જીવનમાં કોઈ ઉદ્દેશ નક્કી છે ?’

પૂ. આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મ.સા.

જીવવાનો ઉદ્દેશ નક્કી કર્યાની તો બહુ બલિહારી છે. એથી જાગૃત્તિ આવી જાય છે. પાવર, જોશ આવી જાય છે.

દુકાન પર બેઠેલાને ઉદ્દેશ કમાવાનો સચોટ ખ્યાલમાં છે તે ત્યાં ગપ્પા-સપ્પા મારવા બેસતો નથી, પાનાબાજી ખેલતો નથી. અરે ! જુએ કે ઘરાક માત્ર લમણાફોડી કરાવવા આવ્યો છે તો એને પણ રવાના કરે છે.

મોટી સંશોધનશાળામાં વૈજ્ઞાનિકને ઉદ્દેશ નક્કી છે તો ભારે ખંતથી સંશોધનમાં મચ્યો રહે છે. કોર્ટમાં કેસ લડનારને ઉદ્દેશનો પાકો ખ્યાલ છે તો અહીંથી તહીંથી, ચારે બાજુથી સાક્ષી પુરાવા ભેગા કરવા અને ન્યાયાધીશને ખાતરી થાય એ માટે શું શું કહેવું એ વિચારવા મથે છે.

રોગીને સાજા થવાનો ઉદ્દેશ નક્કી છે તો દવાઉપચાર, એના ખરા ચિકિત્સક, પથ્યાપથ્ય વગેરેની ચિંતા-વિચારણામાં મશગૂલ રહે છે, ઔષધસેવન વગેરેમાં ખબરદાર રહે છે. અરે ! કોઈની સાથે વાતચીત કરશે એમાંય રોગ, ઉપચારની જ કથા વિશેષ માંડે છે.

એમ જીવન જીવવાનો ઉદ્દેશ નક્કી કર્યાની બલિહારી છે. પછી એક મિનિટ બગાડવી પોષાતી નથી, પાલવતી નથી. ઉદ્દેશ નક્કી કર્યો પછી એને સિદ્ધ કરવાના ઉપાય પણ નિશ્ચિત કરવામાં આવે છે અને જ્યાં જ્યાં મોકો મળ્યો કે ત્યાં ત્યાં એ ઉપાયમાં પ્રવૃત્તિ ચાલુ થઈ જ જાય છે. નકામા ગપ્પા-સપ્પા, વિકથા, કુથલી, નિંદા વગેરેમાં તેને રસ રહેતો નથી.

એક પરદેશીએ ‘Twenty Four hours a day’ નામનું પુસ્તક લખ્યું છે. એમાં લેખકે એ બતાવ્યું છે કે કુદરત તમને દર નવી પ્રભાતે તાજા ૨૪ કલાકની ભેટ કરે છે. એમ નથી પૂછતી કે અત્યાર સુધીના ભેટ કરેલા કલાકો તમે વેડફી નાખ્યા હતા કે ? તો નવી ભેટ નહીં મળે. એ તો એટલી બધી ઉદાર રહે છે કે હજી તમને નવી ૨૪ કલાકની ભેટ આપવા તૈયાર રહે છે, પરંતુ અફસોસ એટલો છે કે માણસે પોતાના જીવનમાં કોઈ ખાસ ઉદ્દેશ નક્કી નથી કર્યો હોતો એટલે કેટલાય કલાકો એમ જ વેડફી નાખે છે ! બરબાદ કરે છે. દા.ત. શનિવારે અડધા દિવસની રજા પડી ત્યારથી સોમવારે કામ પર ચડશે ત્યાં સુધીનું જીવન જુઓ તો ‘રખડતા રામ’ જેવું હશે. બજારમાંથી ઘરે આવ્યો, જમવાને કલાકની વાર છે તો કલાક એમ જ જવાનો ! નહાવા ઊઠ્યો, પાણી ગરમ થવાને વાર હતી તો તે સમય એમ જ ટહેલવામાં પસાર ! દિવસમાં આવા કેટલાંય ૫-૧૦-૧૫ મિનિટોના ગાળા કામ વિનાના જાણે બગાસા ખાવામાં પસાર થયે જાય છે.

હવે જુઓ એ લેખક લખે છે કે એ સમયને લેખે લગાડવા જીવનમાં એક શોખની વસ્તુ શોધી કાઢો. જેમ કે લાયબ્રેરીમાંથી પુસ્તક શોધી વાંચવા માંડો, તેની સારભૂત નોંધ ડાયરીમાં ટપકાવતાં જાઓ, તેને ફરી ક્યારેક વાંચો. શોખની વસ્તુ કોઈ પાપની ન હોવી જોઈએ એ ધ્યાન રહે. એ બાહ્ય ભાવમાં ખેંચી જનારી કે જડની માયા વધારનારી નહીં, પણ આત્મકલ્યાણની, અધ્યાત્મભાવ વધારનારી હોવી જોઈએ.

દા.ત. નવકારમંત્રનો જાપ.

મનમાં સંકલ્પ કર્યો કે મારે આખી જિંદગીમાં સવા ક્રોડ નવકાર ગણવા છે. બસ લાગી ધૂન. પછી તો જ્યાં જ્યાં મોકો મળ્યો કે એ જ લઈને બેસવાનું. કોઈની રાહ જોતાં બે મિનિટ પણ થોભવું પડ્યું કે

નવકાર ચાલુ. એમ કોઈના પર ગુસ્સો આવ્યો અને મનમાં એના વિકલ્પ આવ્યા કે તરત નવકાર ચાલુ. નવકાર સાથે વધુ સંબંધ વધારવા તેના વિષેના પુસ્તકો લઈને બેસાશે, એ વાંચીને ટૂંકી નોંધ કરાશે, એ નોંધનું પુનઃ પુનઃ વાંચન-રટણ-મનન થશે.

એ જ રીતે જીવનમાં તત્ત્વજ્ઞાન મેળવવાનો શોખ નક્કી કર્યો તો એના પુસ્તકો મેળવીને વાંચવાનું શરૂ થશે. એમ શોખ રાખ્યો અરિહંતની સ્તુતિ-પ્રાર્થનાનો. પછી મન એ ખોજમાં પડશે કે કેવી રીતે નવા નવા વિશેષણોથી અરિહંત ભગવાનની સ્તુતિ કરું ? આત્માના શુદ્ધિકરણ માટે નવી નવી પ્રાર્થના કર્યા જ કરું. બસ ધૂન લાગી, હવે એક મિનિટ પણ વેડફી નાખવાની છે જ ક્યાં ! જીવવાની પ્રત્યેક ક્ષણ લેખે લાગે એ માટે માનસિક ધર્મસાધના ચોવીસે કલાકની છે. તે કેવી કેવી કરવી તે યાદ રાખી લો.

૧. નવકાર મંત્રનું સ્મરણ-પદોથી, અર્થથી,
૨. પરમેષ્ઠિનું વિવિધરૂપે ચિંતન,
૩. જીવાદિ નવતત્ત્વનું ચિંતન,
૪. અનિત્યાદિ બાર ભાવના,
૫. મૈત્રી આદિ ચાર ભાવના,
૬. મહાપુરુષોના પરાક્રમ, ગુણો, સુકૃતો,
૭. તીર્થંકર પ્રભુ આદિનું સળંગ જીવન,
૮. શેત્રુંજય આદિ તીર્થયાત્રા,
૯. સ્વદુર્ગુણ-દુષ્કૃત્યના પશ્ચાત્તાપ,
૧૦. દર્દભરી પ્રાર્થના,
૧૧. નવાનવા શુભ મનોરથ,
૧૨. ભક્તિ કે વૈરાગ્યાદિની કાવ્યરચના,
૧૩. વિષય-પરિગ્રહ-આરંભ-કષાયોનો ખેદ,
૧૪. તત્ત્વદૃષ્ટિએ અવલોકન

ચોવીસેય કલાકના માનસિકધર્મની આ સાધના શરૂ કરી દો. પછી તો ખોટા વિચારો, ચિત્તની ચંચળતા, કષાયોના જોર વગેરે ક્યાંય દૂર ભાગી જશે. મન બળવાન બનશે અને તેથી કાયા, ઈન્દ્રિયો, વાણી અને બાહ્યસામગ્રી દ્વારા કેટલાંય સત્કૃત્યો અને સત્‌પરાક્રમો જીવનમાં મઘમઘતા થઈ જશે ! આ રીતે આત્મા સાચી કમાણી કરી ખરો તવંગર બની જશે.

**(સંકલન : આદ શ્રી નિરૂપમાબેન ડગલી, કોઈમ્બતુર)**

• • •

## પ્રત્યેક પ્રભાતે નવો સૂર્યોદય

**(પાના નં. ૧૨ પરથી ચાલુ...)**

હોય છે અને એનું સમગ્ર જીવન વ્યથિત થઈ જતું હોય છે. ઘરમાં ચોરી થઈ હોય, ભૂતકાળમાં કોઈ ભૂલ કે પાપ થયું હોય અથવા તો કોઈ ગાઢ સ્નેહ-સંબંધ તૂટી ગયો હોય, તેનું દુઃખ થાય તે જરૂરી છે; પરંતુ એ જ વાતને ઘણા લોકો જીવનભર ઘૂંટ્યા કરે છે અને પોતાનું જીવન સામે ચાલીને દુઃખી બનાવ્યા કરે છે.

કોઈ પ્રિયજનનું મૃત્યુ થાય ત્યારે સ્વાભાવિક રીતે વ્યક્તિને ઘેરો આઘાત લાગે છે; પરંતુ આખી જિંદગી મૃત્યુની ઘટનાનો બોજ ઊંચકીને એ જીવે, તો એ એનું જીવન મોતથી પણ બદતર બનાવે છે.

વળી, જરા વિચાર કરો આ ભૂતકાળની તાકાત કેટલી છે ? તમે આ ભૂતકાળમાં જીવ્યા કરો છો એની શક્તિ શું ? જે પાણી વહી ગયું હોય, એનો અર્થ કેટલો ? હતાશ અને નિરાશ માનવી પોતાના ભૂતકાળને વધુને વધુ ‘શક્તિશાળી’ બનાવવાની કોશિશ કરતો હોય છે.

ભૂતકાળ એ જીવનમાં બોધપાઠ લેવા માટે જરૂરી છે, પણ ભૂતકાળ આપણા વર્તમાનને કશું નુકસાન કરી શકતો નથી કે ભવિષ્યને અસર કરી શકતો નથી. આથી પ્રત્યેક સૂર્યોદયે નવી પ્રેરણાનો સંચાર કરો. સવારે ઊઠો ત્યારે એક નવી આશા સાથે ઊઠો, પ્રબળ ઉત્સાહ સાથે જીવન ગાળો. આમ થશે તો જીવનમાં દુઃખદ સંજોગો સામે લડવાનું બળ મળશે.

• • •

# ભવાંતરની ગતિ

**ચંદ્રહાસ ત્રિવેદી**

જૈન આગમ સાહિત્યમાં મગધના રાજા શ્રેણિકનું નામ બહુ જાણીતું છે. ભગવાન મહાવીર ઉપર તેમને ઘણી આસ્થા હતી. તેમનું જીવન ભગવાનને સમર્પિત હતું. પરંતુ ભગવાન મહાવીરના પરિચયમાં તેઓ આવ્યા તે પહેલાંનું તેમનું જીવન તદ્દન જુદું હતું. તે વખતે તેઓ એક રાજવી તરીકે જીવન જીવતા હતા અને તેમની રહેણીકરણી તે સમયના રાજાઓને અનુરૂપ હતી.

રાજા શ્રેણિક એક વખત જંગલમાં શિકાર કરવા ગયા હતા. ત્યાં તેમણે દૂર એક હરણીને જોઈ. તેમણે તે તરફ ઘોડો દોડાવ્યો. જીવ બચાવવા હરણી નાસી રહી હતી, પાછળ શ્રેણિક રાજાનો ઘોડો. શ્રેણિકે દૂરથી નિશાન લઈને હરણી ઉપર બાણ છોડ્યું. બાણ હરણીના પેટમાં ખૂંપી ગયું. તેનું પેટ ફાટી ગયું અને તેમાંથી બચ્ચું બહાર પડ્યું. હરણી અને બચ્ચું તરફડીને મરી ગયાં.

શ્રેણિકે નજીક આવીને જોયું તો હરણી પડેલી અને તેના ગર્ભમાં રહેલું બચ્ચું મરીને પડ્યું હતું. તે જોઈને તેમના દિલમાં કરુણાનો ભાવ થવાને બદલે ગર્વ થયો. તેમને લાગ્યું કે કેવું અચૂક મારું નિશાન ! દૂરથી બાણ છોડ્યું તો પણ નિશાનચૂક થઈ નહીં અને મારા એક બાણથી બબ્બે જીવો વીંધાઈ ગયા. આમ વિચારીને શ્રેણિક પુનઃ પુનઃ આનંદવા લાગ્યા. યોગાનુયોગ તે સમયે તેમના બીજા ભવના આયુષ્યનો બંધ પડ્યો. ઘોર હિંસા અને તેની અનુમોદના કરેલી તેથી ત્રીજી નરકના આયુષ્યનો બંધ પડી ગયો, જેની તેમને ખબર ન પડી.

કાળક્રમે ભગવાન મહાવીરના પરિચયમાં શ્રેણિક રાજા આવતા ગયા. જ્ઞાનની પ્રાપ્તિ થઈ. ધર્મ સમજાયો. જીવનમાં પરિવર્તન આવી ગયું. ધર્મમય જીવન થઈ ગયું. એવામાં ક્યાંક જીવની મરણોત્તર ગતિની ચર્ચા થતી હતી ત્યારે શ્રેણિકને પોતાના આગળના ભવની ગતિ વિશે જાણવાની ઈચ્છા થઈ. તેમણે ભગવાનને તે વિશે પૂછ્યું. ભગવાન મહાવીરે કહ્યું, ''શ્રેણિક તારું નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયું છે. અહીંથી મરીને તું ત્રીજી નરકે જઈશ.''

આ સાંભળીને શ્રેણિકનો જીવ કકળી ઊઠ્યો. તેમણે કહ્યું, ''હું આટઆટલો ધર્મ કરું છતાંય ત્રીજી નરકે - તે કેવી રીતે બને ? તમારા જેવા ભગવાન મને મળ્યા હોય પછી મારી એવી ગતિ કેવી રીતે થાય ? તમે ગમે તે કરો. મને બચાવી લો.''

ભગવાન મહાવીરે કહ્યું, ''શ્રેણિક જરા યાદ કર, એક વખત તું શિકારે ગયો હતો ત્યારે તેં હરણીને અને તેના ગર્ભને એક બાણે વીંધી નાખ્યા હતા. વળી તેના ઉપર તે ખૂબ હર્ષ કર્યો હતો. તેથી તેં નરકનું આયુષ્ય તો બાંધ્યું હતું, વળી તેને તેં નિકાચીત કરી દીધું હતું. હવે તે ભોગવ્યા વિના તારો છૂટકો નહીં થાય.''

આ સાંભળીને શ્રેણિક રાજા અત્યંત દુઃખી થઈ ગયા અને ભગવાનના ચરણમાં પડીને વીનવવા લાગ્યા કે મને કોઈ રીતે બચાવી લો. ભગવાન કંઈ કરો. મને સહાય કરો.

આ બાબતે કંઈ થઈ શકે તેમ ન હોવા છતાંય ભગવાને શ્રેણિકને સાંત્વના આપવા કહ્યું, ''તારા રાજ્યમાં કાલસૌરિક કસાઈ રહે છે તે રોજના કેટલાય પાડાઓ મારે છે. જો તેને તું આ હિંસા કરતો એક દિવસ માટે રોકી શકે તો કદાચ તું આ નરકના ભોગવટામાંથી બચી જાય.''

શ્રેણિકને લાગ્યું કે આ કામ મુશ્કેલ નથી. તેમણે કાલસૌરિકને બોલાવીને એક દિવસ માટે હિંસા ન કરવા સમજાવ્યો અને તેના બદલામાં અઢળક દ્રવ્ય આપવા માંડ્યું. પણ કાલસૌરિક માન્યો નહીં. તેણે કહ્યું, "રાજન, પાડા મારવા એ મારો ધંધો છે. પરંપરાથી તે ચાલ્યો આવે છે. તમે ગમે તેટલું દ્રવ્ય આપો પણ હું પાડા માર્યા વિના રહી ન શકું."

શ્રેણિકને જ્યારે લાગ્યું કે આ કસાઈ આમ નહીં જ માને એટલે તેમણે કાલસૌરિકને બંધનમાં નાખ્યો અને એક હવડ કૂવામાં ઉતાર્યો, જેથી તે પાડા મારી શકે નહીં. બીજે દિવસે શ્રેણિકે તેને મુક્ત કરીને ધન આપ્યું. પછી ભગવાન પાસે જઈને તેણે કહ્યું, "ભગવાન ! મેં ગમે તે રીતે કાલસૌરિકને એક દિવસ માટે હિંસા કરતાં રોક્યો છે. હવે તો હું નરકના ભોગવટામાંથી બચી જઈશને !"

ભગવાને કહ્યું, "તું કાલસૌરિકને પૂછી જો કે તેણે આખો દિવસ કેવી રીતે પસાર કર્યો ?" શ્રેણિકે કાલસૌરિકને બોલાવીને પૂછ્યું તો કાલસૌરિકે કહ્યું, "મહારાજ ! માફી ચાહું છું. પાડા માર્યા સિવાય મારો દિવસ કેમ જાય ? થોડીક વાર હું બેચેન રહ્યો. પછી મેં કીમિયો કર્યો. કૂવામાં પાણી હતું નહીં. પણ રેતી ભીની હતી. મેં તેમાં પાડા ચીતરવા માંડ્યા અને પછી એકેકના ગળા ઉપર આંગળીના ઘા કરીને તેમને મારતો રહ્યો. આમ, આખા દિવસમાં મેં રેતીમાંથી ચીતરેલા બસો પાડા માર્યા પછી મને નિરાંતે ઊંઘ આવી ગઈ."

શ્રેણિકે કલ્પાંત કરતાં ભગવાનને આ વાત કરી ત્યારે તેમણે કહ્યું, "શ્રેણિક, કરેલો ધર્મ નકામો નથી જતો. તારા ધર્મના પ્રતાપે તું આવતી ચોવીસીનો પ્રથમ તીર્થંકર થઈશ. માટે હવે સ્થિરતા રાખ. કરેલું ભાગ્યે જ મિથ્યા થાય છે. બધાં કર્મના સામ સામે સરવાળા બાદબાકી થતા નથી."

કર્મની ગતિની આ ગહન વાતો તો છે જ કે નિકાચીત કર્મ ભોગવ્યા વિના જીવનો છુટકારો થતો નથી. એમાં ભગવાન પણ વચ્ચે આવતા નથી. પણ સાથે સાથે તેમાં જીવના ઉપયોગની વાત રહેલી છે, જે વિચારવા જેવી છે. શ્રેણિક રાજાને નરકની ગતિની વાતથી ખેદ થાય છે. નરકની ગતિમાંથી ઊગરી જવા તે કંઈ પણ કરવા તૈયાર છે. શ્રેણિકનો 'ઉપયોગ' ભગવાનના પરિચયથી અને ધર્મના પરિશીલનથી શુદ્ધ થયેલો છે. તેથી ભાવિ ચોવીસીના પ્રથમ તીર્થંકર થવાનું આયુષ્ય પણ તેમણે ઉપાર્જન કરેલું છે.

તો બીજી બાજુ એ સમજવા જેવી કે ધ્યાન આપવા જેવી વાત છે કે કાલસૌરિક કસાઈના જીવનો 'ઉપયોગ' શ્રેણિક રાજા પણ બદલાવી શકતા નથી. કાલસૌરિકના જીવની કષાયપરિણતી ક્રૂર હિંસા આચરવાની છે. રાજા જેવો રાજા ગમે તેટલું ધન આપીને કે કેદમાં નાખીને પણ તે પરિણતી બદલાવી શકતો નથી. રાજા તેને કૂવામાં ઉતારીને આખો દિવસ બાંધી રાખે છે, તો છેવટે તે માનસિક રીતે પણ હિંસા કરીને આનંદે છે. કાલસૌરિક ભારે કર્મી જીવ છે. તેની કષાયપરિણતી ગાઢ છે. પરિણામે તેના કલુષિત ઉપયોગમાં ફેરફાર થઈ શકતો નથી.

સંસારથી બચવાનો કે પછી સંસારમાં સુખ-શાંતિથી રહેવાનો સરળમાં સરળ ઉપાય છે - કષાયની પરિણતી ઓછામાં ઓછી રાખવી અને ઉપયોગની શુદ્ધિ કરવી. ઉપયોગનું પ્રતિબિંબ અધ્યવસાયમાં ઝિલાયા વિના રહેતું નથી. અધ્યવસાય પ્રમાણે લેશ્યા બદલાઈ જાય છે, જેને પરિણામે જીવના વાણી-વર્તન બદલાઈ જાય છે અને કર્મની શૃંખલા સર્જાય છે. માટે જીવનમાં સતત ઉપયોગને જોતા રહેવો અને સુધારતા રહેવો-શુદ્ધ કરતા રહેવો. ઉપયોગની શુદ્ધિ એ ધર્મમાર્ગનું પ્રથમ ચરણ છે.

■ ■ ■

# વિશિષ્ટ ધ્યાનપદ્ધતિ (અધ્યાત્મપદ્ધતિ)

સંકલન : વસંતભાઈ કે. ખંધાર

કશુંય કર્યા વિના હોશપૂર્વક બેસવું. માત્ર બેસવું. Just sitting-Nothing doing. માત્ર હોવું-To be.

પ્રતિક્રિયા નહિ. કશો ઉહાપોહ નહિ.

પક્ષાપક્ષી, સારા-નરસા, ગમો-અણગમો, ઇષ્ટ-અનિષ્ટ કશું જ નહિ.

દરેકને તેના સ્વભાવ સાથે સમગ્રતાથી સ્વીકારો. જે કોઈ જેવું છે તે બરાબર છે. જે જેવું છે તેવું છે. તમે બસ તેના સાક્ષી છો. એને જુઓ છો; એની સાથે જીવો છો. પણ તમારું કશું જ એની સામે ઉમેરતા કે ટકરાવતા નથી.

માત્ર બેસવું એ કોઈ સહેલી વાત નથી. પૂરેપૂરી સજગતા અને ચેતનાથી ભરેલી સ્થિતિ હોય તો જ માત્ર બેસી શકાય. કશું ન કરવું અને માત્ર બેસવું એટલે ભાવ-અભાવ વિના બેસવું. વિચારની અવર-જવર વિના બેસવું.

ધ્યાન એટલે કશું જ ન કરવું. માત્ર હોવું. વિચાર, ભાવ કે ક્રિયા કશું જ નહિ. સારા વિચાર કરવાથી પણ ધ્યાનમાં નથી જવાતું. સારા-નરસા બધા વિચાર છૂટે તો જ ધ્યાન શરૂ થાય.

વિચારો કે ભાવો પ્રત્યે પસંદગી રહિત જાગરૂકતા કેળવવાથી જ વિચારો શમે. ખાલી થઈને નિત્ય-નિયમિત બેસવાથી અંતતઃ એક એવી ક્ષણ આવે છે કે જેમાં અમૃતની વર્ષા શરૂ થઈ જાય છે. અધ્યાત્મની દૃષ્ટિએ નિષ્ક્રિય, નિર્વિચાર, નિર્ભાવ થઈને બેસવું એ સૌથી મોટી સિદ્ધિ છે. શરૂ કરશો તો ખ્યાલ આવશે કે ખાલી થવું, કંઈ પણ કર્યા વિના બેસવું કેટલું અઘરું છે. વર્ષોથી અને એથીયે આગળ જઈને કહેવું હોય તો જન્મોજન્મથી કંઈનું કંઈ કર્યા કરવું એ આપણી આદત બની ગઈ છે.

કશું કરો નહિ, માત્ર બેસી રહો.

સ્વાનુભવથી તમને એવું લાગશે કે કંઈપણ કર્યા વિના બેસવું એ દુનિયામાં સૌથી અઘરું કામ છે. અહીં મૌનનો એક નિતાંત શાંત મહાસાગર ઉમટી રહ્યો હોય એવી શાંતિનો અનુભવ થશે, મનના તમામ ધમપછાડા નકામા થઈ જશે.


શ્વાસને ધીમે ધીમે શાંત થવા દો. કોઈ કોશિશ ન કરો. વિચારો કે ભાવોને રોકવાની કોશિશ ન કરો. અનુકૂળ આસનમાં બેસી શરીરને એકદમ શાંત ને સ્થિર થવા દો. કોઈ હલનચલન નહિ, ધ્યાન પણ નહિ, મન પર કોઈ ભાર કે દબાણ નહિ, કશું મેળવવાનું કે પ્રાપ્ત કરવાનું નથી.

પૂર્વની સમગ્ર શોધનો સાર એક જ છે - અક્રિયા, ધ્યાન, પરમ શાંતિ, સમાધિ, સંતોષ તથા શાશ્વત સુખ.


જાગરૂકતા, હોશ, Awareness આમાં છે. બેહોશી કે બેધ્યાનપણું આમાં નથી. બેસવું, ચાલવું, સાંભળવું, વાંચવું, સૂવું વગેરે બધું જો સજાગતાથી, હોશથી, સાક્ષી બની, દૃષ્ટાની જેમ કરો તો તે ધ્યાન છે.

ધ્યાન એ કોઈ ક્રિયા નથી. મન-વચન-કાયાનું મૌન એટલે ધ્યાન. નિજરૂપમાં સ્થિર થવાની અવસ્થા છે. ધ્યાન એક તરફ મનને ભૂતકાળથી ખાલી કરે છે અને બીજી તરફ નવી સ્મૃતિને (ભવિષ્યને) અવકાશ આપતું નથી. આ પ્રત્યક્ષ જગત કરતાંય અંદરનું એક અદ્‌ભુત રહસ્યમય જગત છે અને તેને જાણવું હોય તો ધ્યાન સિવાય બીજો કોઈ ઉપાય નથી.

આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે ત્યારે સાચો આનંદ પામવાનો એક જ ઉપાય છે. માત્ર એક જ, ક્યારેય બીજો ઉપાય હતો નહિ, છે નહિ અને હશે પણ નહિ. ધ્યાન સિવાય સાચું સુખ, સાચી શાંતિ અને સાચો આનંદ પામવાનો બીજો કોઈ ઉપાય નથી.



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## અષ્ટસિદ્ધિ ન ખપે

સ્વામી વિવેકાનંદ જ્યારે સંન્યાસી બન્યા નહોતા ત્યારે તેઓ નરેન્દ્રના નામથી ઓળખાતા.

યુવાન નરેન્દ્ર નિયમિત રામકૃષ્ણ પરમહંસ પાસે જતા અને તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળતા.

રામકૃષ્ણ પરમહંસને પણ પ્રતીતિ થઈ ચૂકી હતી કે સંન્યાસી બનવા જે જે ગુણો હોવા જોઈએ એ બધા જ ગુણો નરેન્દ્રમાં છે, છતાં એક વધુ કસોટી કરવાની તેમને ઇચ્છા થઈ.

એક દિવસ નરેન્દ્રને પોતાના પૂજાખંડમાં બોલાવ્યો. પૂજાખંડમાં એમના બે સિવાય ત્રીજું કોઈ હતું નહિ. આથી નરેન્દ્રને થયું કે આજે પરમહંસ જરૂર કોઈ મહત્ત્વની વાત કહેવા માગે છે !

રામકૃષ્ણ પરમહંસે પ્રેમપૂર્વક પોતાનો હાથ નરેન્દ્રના માથા પર મૂક્યો અને કહ્યું, ‘‘નરેન્દ્ર, તું ખરેખર એક મોટો સંન્યાસી થવા જ જન્મ્યો છે એવું મને લાગે છે. બધા શિષ્યોમાં તું મારો સૌથી વધુ પ્રિય શિષ્ય બની શકે તેવી તારામાં યોગ્યતા છે. આથી તને હું દુર્લભ એવી અષ્ટસિદ્ધિ વિદ્યા શીખવવા માગું છું. તને એ ખૂબ ખપમાં આવશે.’’

નરેન્દ્રે પરમહંસને કહ્યું, ‘‘સ્વામીજી, એક પ્રશ્ન પૂછું ?’’

‘‘જરૂર પૂછ !’’

‘‘આ અષ્ટસિદ્ધિ વિદ્યા પ્રભુપ્રાપ્તિમાં કેટલી ઉપયોગી બને ? આત્મસાક્ષાત્કાર કરવામાં એનો કેટલો ઉપયોગ ?’’

રામકૃષ્ણ પરમહંસે કહ્યું, ‘‘આત્મસાક્ષાત્કાર માટે તો એ જરાયે ઉપયોગી નથી. અષ્ટસિદ્ધિવિદ્યાથી પ્રભુપ્રાપ્તિ થઈ શકે નહિ.’’

નરેન્દ્રએ તરત જ કહ્યું, ‘‘જે વિદ્યા આત્મસાક્ષાત્કાર ન કરાવે, જે વિદ્યા પ્રભુપ્રાપ્તિ કરાવવામાં અશક્તિમાન કે અસમર્થ હોય તેવી વિદ્યાની મને કોઈ જરૂર નથી. સમાજમાં પ્રતિષ્ઠા વધારે એવી વિદ્યાની આકાંક્ષા સાચો સંન્યાસી કદી રાખે નહિ.’’

અને પરમહંસ હર્ષથી બોલી ઊઠ્યા, ‘‘તું સાચો સંન્યાસી થવા જ સર્જાયો છે નરેન્દ્ર !’’

## નીતિવાન સાહિત્યકાર

ગુજરાતના નવલકથાકારોમાં જેમનું સ્થાન મૂર્ધન્ય ગણી શકાય એવા નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ વડોદરા રાજ્યમાં સરસૂબાના હોદ્દાથી નિવૃત્ત થઈને વડોદરામાં શાંત જીવન ગાળી રહ્યા હતા. એ સમયની એક ઘટના છે.

૧૯૫૦નું વર્ષ હતું. એ સમયે એમનો એક જૂનો ઓળખીતો માણસ એમને ત્યાં આવી ચઢ્યો. આ આગંતુક સાવ સામાન્ય વર્ગનો આદમી હતો, છતાં શ્રી દેસાઈએ તેની સરભરા કરવામાં કશી મણા રાખી નહિ.

બાદ, પેલા આગંતુકે કહ્યું, ‘‘શહેરમાં મારે થોડું કામ છે. એ પતાવી લઉં.’’

રમણલાલે કહ્યું, ‘‘કામ પતાવીને અહીં આવજો. તમારે અહીં જ ભોજન લેવાનું છે.’’

આગંતુક આ આગ્રહનો અસ્વીકાર કરી શક્યો નહિ.

તે શહેરમાં કામ પતાવીને પાછો રમણલાલના

મકાન પર આવ્યો.

રમણલાલે તેને પોતાની સાથે જમવા બેસાડ્યો.

ભોજનમાં લાડુ હતા.

લાડુ ખાઈ રહ્યા બાદ થાળીમાં કોદરી પીરસાઈ.

આગંતુકથી પૂછાઈ ગયું, "સાહેબ, કોદરી કેમ ? ભાત કેમ નહિ ?"

રમણલાલે કહ્યું, "તમને ખબર તો છે કે અત્યારે ચોખાનું રેશનિંગ ચાલે છે. કાળાબજારમાંથી ચોખા ખરીદવા કે મારી લાગવગ વાપરીને ચોખા મેળવવા તે સ્પષ્ટપણે અનીતિ જ ગણાય ! આવી અનીતિ આચરીને ચોખા ખાવા એ વાજબી ગણાય નહિ."

મહેમાનને આ સાંભળી થયું કે આવો મોટો અમલદાર હોવા છતાં આ માણસે જીવનમાં નીતિને કેવી વણી લીધી છે !

## કામનું ટાઈમટેબલ

એકવાર એક યુવાન જગખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઈન પાસે આવ્યો અને બોલ્યો,

"માફ કરજો ! મારે તમારી સાથે થોડી વાતચીત કરવી છે. કલાક જેટલો સમય મને આપશો ?"

"અત્યારે તો તમારી સાથે એકાદ કલાક વાતચીત કરી શકું એમ નથી. તમે સાંજે પાંચ વાગ્યે પુલના છેડે મળો ! સાંજના એ બાજુ હું રોજ ફરવા નીકળું છું. એ સમયે જો તમે મને મળો તો આપણે વાતચીત કરી શકીએ."

તે ત્યાંથી વિદાય થયો અને આઈન્સ્ટાઈન પોતાના કામમાં પરોવાયા.

પુલના છેડે પેલો યુવાન આઈન્સ્ટાઈનના આવવાની રાહ જોતો ઊભો હતો.

બરાબર પાંચના ટકોરે આઈન્સ્ટાઈન ત્યાં આવી પહોંચ્યા.

ફરતાં ફરતાં યુવાને આઈન્સ્ટાઈનને પૂછ્યું, "સાહેબ, તમે સવારે મને એક કલાક કેમ ન આપ્યો ? સાંજના પાંચ વાગ્યે આવવાનું શા માટે કહ્યું ?"

આઈન્સ્ટાઈને જવાબ આપ્યો, "ભાઈ ! સવારે હું મારા નિયત કરેલા કામમાં પરોવાયો હતો. કયું કામ ક્યારે કરવું તેનું હું આગલે દિવસે ટાઈમટેબલ બનાવું છું. હું ટાઈમટેબલ મુજબ જ રોજનું કામ કરું છું. જો સવારે તમને મેં સમય આપ્યો હોત તો મારું નિયત કામ રઝળી પડ્યું હોત ! પછી તો આખું ટાઈમટેબલ જ અસ્તવ્યસ્ત બની જાય ! એવું ન થાય તે માટે જ મેં તમને સાંજનો સમય આપ્યો."

## તુમ્હારે ચરણમેં...


**રચયિતા : બા.બ્ર.શ્રી અલકાબેન**

તુમ્હારે ચરણમેં ઝુક્કર, કરે હમ પ્રાર્થના ગુરુવર.

તેરી સદ્જ્ઞાન જ્યોતિસે, તિમિર અજ્ઞાન હર લેના,
પતિત હૈ મન અતિ ચંચલ, ચરણ કી છાંવ મેં લેના;
યે જીવન આજ કર અર્પણ, કરે હમ પ્રાર્થના ગુરુવર,
તુમ્હારે ચરણ...

તુમ્હારે દિવ્ય નયનો સે, પરમ પદ પંથ દિખલાના,
ફિસલ જાયે જો પગ ઉસ પર, સંભલના તબ શિખા દેના;
રહે અવિચલ અટલ હરદમ, કરે હમ પ્રાર્થના ગુરુવર,
તુમ્હારે ચરણ...

જગત કે મોહ મેં બહકર, હમેં બંધન નહીં સહના,
તુમ્હારે પ્રેમ કે બંધનસે, ભવ કા બંધ હર લેના;
છૂડાના કર્મ કા બંધન, કરે હમ પ્રાર્થના ગુરુવર,
તુમ્હારે ચરણ...



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## THE PRAYING HANDS

Back in the fifteenth century, in a tiny village near Nuremberg, lived a family with eighteen children. Eighteen! In order merely to keep food on the table for this mob, the father and head of the household, a goldsmith by profession, worked almost eighteen hours a day at his trade and any other paying chore he could find in the neighborhood. Despite their seemingly hopeless condition, two of his elder children had a dream. They both wanted to pursue their talent for art, but they knew full well that their father would never be financially able to send either of them to Nuremberg to study at the Academy.

After many long discussions at night in their crowded bed, the two boys finally worked out a pact. They would toss a coin. The loser would go down into the nearby mines and, with his earnings, support his brother while he attended the academy. Then, when that brother who won the toss completed his studies, in four years, he would support the other brother at the academy, either with sales of his artwork or, if necessary, also by laboring in the mines.

They tossed a coin on a Sunday morning after church. Albrecht won the toss and went off to Nuremberg. Fedrick went down into the dangerous mines and, for the next four years, financed his brother, whose work at the academy was almost an immediate

sensation. Albrecht's etchings, his woodcuts, and his oils were far better than those of most of his professors, and by the time he graduated, he was beginning to earn considerable fees for his commissioned works.

When the young artist returned to his village, the Durer family held a festive dinner on their lawn to celebrate Albrecht's triumphant homecoming. After a long and memorable meal, punctuated with music and laughter, Albrecht rose from his honored position at the head of the table to drink a toast to his beloved brother for the years of sacrifice that had enabled Albrecht to fulfill his ambition. His closing words were, "And now, Fedrick, blessed brother of mine, now it is your turn. Now you can go to Nuremberg to pursue your dream, and I will take care of you."

All heads turned in eager expectation to the far end of the table where Fedrick sat, tears streaming down his pale face, shaking his lowered head from side to side while he sobbed and repeated, over and over, "No ...no ...no ...no."

Finally, Fedrick rose and wiped the tears from his cheeks. He glanced down the long table at the faces he loved, and then, holding his hands close to his right cheek, he said softly, "No, brother. I cannot go to Nuremberg. It is too late for me. Look ... look what four years in the mines have done to my hands! The bones in every finger have been smashed at least once, and lately I have been suffering from arthritis so badly in my right hand that I cannot even hold a glass to return your toast, much less make delicate lines on parchment or canvas with a pen or a brush. No, brother ... for me it is too late."

More than 450 years have passed. By now, Albrecht Durer's hundreds of masterful portraits, pen and silver-point sketches, watercolors, charcoals, woodcuts, and copper engravings hang in every great museum in the world, but the odds are great that you, like most people, are familiar with only one of Albrecht Durer's works. More than merely being familiar with it, you very well may have a reproduction hanging in your home or office.

One day, to pay homage to Fedrick for all that he had sacrificed, Albrecht Durer painstakingly drew his brother's abused hands with palms together and thin fingers stretched skyward. He called his powerful drawing simply "Hands," but the entire world almost immediately opened their hearts to his great masterpiece and renamed his tribute of love "The Praying Hands."

**Moral:** The next time you see a copy of that touching creation, take a second look. Let it be your reminder, if you still need one, that no one – no one – ever makes it alone!

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે છાશવિતરણ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર, મેડિકલ સેન્ટર દ્વારા જરૂરતમંદોને મેડિકલ સેવાઓ, ગુરુકુળ સંચાલન દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન, કપડાંવિતરણ જેવી અનેકવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. પૂજ્યશ્રીની આજ્ઞા અને શુભાશીર્વાદથી સંસ્થા દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી જરૂરતમંદો માટે છાશકેન્દ્રો દ્વારા નિઃશુલ્ક છાશનું વિતરણ કરવામાં આવે છે. 'ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન' પરમકૃપાળુદેવની આ અમૃતવાણીને શક્તિ અનુસાર સાકાર કરવાનો પ્રયત્ન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

ચાલુ વર્ષે તા. ૧૨-૪-૧૫ના દિવસે નવા કોબા, જૂના કોબા, બોરિયા તલાવડી, નભોઈ તલાવડી તથા સુઘડ તલાવડીના છાપરા વગેરે સ્થળે છાશકેન્દ્રોનું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ ઉપરાંત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કસ્તૂરબા વિદ્યાલય તથા આપણી સંસ્થાના કર્મચારીઓને પણ છાશવિતરણ કરવામાં આવે છે. ઉદ્‌ઘાટન પ્રસંગે ગામના સ્થાનિક આગેવાનો તથા કોબાના મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. ૫૦૦ જેટલા જરૂરતમંદ કુટુંબોમાં (૨૦૦૦ વ્યક્તિઓ) કુટુંબદીઠ ૧થી ૨ લીટર છાશનું વિતરણ કરવામાં આવે છે.

છાશવિતરણમાં સેવાયજ્ઞમાં આદ. શ્રી રામજીભાઈ ચૌધરી, આદ. શ્રી જોઈતારામભાઈ પરમાર, આદ. શ્રી ભીખાભાઈ પટેલ, આદ. શ્રી મહેન્દ્રસિંહ જેતાવત, આદ. શ્રી સંતોષભાઈ રાણા, આદ. શ્રી કરસનકાકા, આદ.શ્રી શૈલેશભાઈ કે. શાહ તથા ભોજનાલય સ્ટાફ વગેરે સેવાભાવી કાર્યકરોનું બહુમૂલ્ય યોગદાન સાંપડ્યું છે, જે બદલ સંસ્થા વતી તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. છાશકેન્દ્રોની વ્યવસ્થામાં આદ. શ્રી અરૂણભાઈ બગડિયાનું વિશેષ યોગદાન સાંપડેલ છે.

આ ઉપરાંત છાશકેન્દ્રોના નિભાવ માટે આર્થિક યોગદાન આપનાર દાનવીર મહાનુભાવોને પણ સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. આ સેવાયજ્ઞમાં આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આવકાર્ય છે.

## સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે નોટબુકો, ચોપડા તથા શાળા સ્ટેશનરીનું રાહત દરે થનાર વિતરણ

સંસ્થાના અનેક સમાજોપયોગી કાર્યો પૈકી વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે રાહતદરે નોટબુકો તથા ફૂલસ્કેપ ચોપડાઓનું વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ સારી ક્વૉલીટીની નોટબુકો, ચોપડાઓ ઉપરાંત શાળા સ્ટેશનરીની વસ્તુઓ (સ્કુલબેગ, લંચબોક્ષ, વોટરબેગ, પેન્સિલ બોક્ષ, ક્લીપબોર્ડ વગેરે)નું રાહતદરે વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી રજૂ કરવાની રહેશે.

સંસ્થા સાથે સંકળાયેલ મુમુક્ષુ ભાઈ-બહેનો તથા 'દિવ્યધ્વનિ' પરિવારના સભ્યોને સમાજોપયોગી આ વિદ્યાદાનના કાર્યમાં આર્થિક સહયોગ આપવા નમ્ર વિનંતી છે. સંસ્થાને આપવામાં આવતું દાન આવકધારાની

કલમ ૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે. વિશેષ માહિતી માટે સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

## 'દિવ્યધ્વનિ' અંકના વિશિષ્ટ સહયોગી દાતા બનવા અંગે વિજ્ઞપ્તિ

છેલ્લાં થોડાંક વર્ષોથી કાગળ, ટાઈપસેટીંગ, પ્રિન્ટિંગ વગેરેમાં ભાવવધારો થયેલ છે. 'દિવ્યધ્વનિ'ની ક્વૉલીટી જાળવવા અમો પ્રયત્નશીલ છીએ. આ માટે આપના સહયોગની આવશ્યકતા છે. આપ રૂા. ૧૫૦૦૦/-નો આર્થિક સહયોગ આપી 'દિવ્યધ્વનિ' અંકના વિશિષ્ટ સહયોગી દાતા બની શકો છો. આ દાતાઓના નામ જે તે અંકના ટાઈટલ પેજ - ૪ પર છાપવામાં આવશે. આ 'જ્ઞાનદાન' માટે આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આવકાર્ય છે.

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર મુકામે નૂતન નિર્માણાધીન જિનાલયની શિલાન્યાસવિધિ સાનંદ સંપન્ન

ચૈત્ર સુદ તેરસ શ્રી મહાવીર જયંતીના મંગલદિને શ્રી ધરમપુર મુકામે નૂતન જિનાલયની શિલાન્યાસ વિધિ પૂજ્યશ્રી રાકેશભાઈ, પૂજ્યશ્રી આત્માનંદજી તથા સંતો, મહાનુભાવોના સાન્નિધ્યમાં ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ.

પૂજ્યશ્રી રાકેશભાઈના વાત્સલ્યસભર આમંત્રણને માન આપી પૂજ્યશ્રી આત્માનંદજીએ સહર્ષ ધરમપુર જવા માટે સંમતિ આપી હતી. પૂજ્યશ્રી સાથે સંસ્થાના પ્રમુખશ્રી નીતિનભાઈ પારેખ અને કોબા તથા મુંબઈથી થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો તા. ૧-૪-૨૦૧૫ના સાંજે ધરમપુર પહોંચ્યા હતા.

પૂજ્યશ્રી જિનચંદ્રજી મહારાજ, પૂજ્યશ્રી નલીનભાઈ (પૂ. ભાઈશ્રી), પૂજ્યશ્રી ગોકુળભાઈ, અન્ય આશ્રમોના ટ્રસ્ટીગણો, રાજપરિવારના સભ્યો આ શુભ પ્રસંગે પધાર્યા હતા. પૂજ્યશ્રી ઉત્તમભાઈ ધરમપુર જ હતા.

તા. ૨-૪-૨૦૧૫ના સવારે ૧૦.૪૦ વાગ્યાના શુભ મુહૂર્તે શિલાન્યાસવિધિ ભક્તિભર્યા માહોલમાં પધારેલા સંતોના શુભહસ્તે કરવામાં આવી હતી. સવારે સૌએ દર્શન-પૂજા કર્યા હતા. બપોરે સૌ સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધનો થયા હતા; જેમાં જિનમંદિર અને જિનપ્રતિમાના માહાત્મ્ય વિશે બોધ આપ્યો હતો. પૂજ્યશ્રીએ 'શ્રી પદ્મનંદિ પંચવિંશતિ' સત્શાસ્ત્રના આધારે શ્રાવકના 'ષટ્ આવશ્યક' (દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન) વિષે બોધ આપ્યો હતો અને તે આવશ્યક ગૃહસ્થોએ દરરોજ કરવા જણાવ્યું હતું. રાત્રે પૂજ્યશ્રી રાકેશભાઈએ સત્શ્રુત શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના 'મા પમાએ' (પ્રમાદ) આધારે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું.

ધરમપુર રોકાણ દરમ્યાન સૌ સેવાનિષ્ઠ સાધકોએ પૂજ્યશ્રીનું તથા સૌનું ખૂબ જ ધ્યાન રાખ્યું હતું, તે માટે સંસ્થા અંતકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે. પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે.

કોબાથી ધરમપુર જતી વખતે સવારે ૮ વાગ્યે વડોદરામાં શ્રી હર્ષદભાઈ નરભેરામ બગડિયા પરિવારે સૌના અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરી હતી, જે બદલ તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ. બપોરે સુરતમાં ભોજન લીધું હતું, જેની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી કીર્તિભાઈ કાંતિભાઈ વસાણી પરિવારે ખૂબ ભાવપૂર્વક કરી હતી. તેઓ બહેનશ્રી ઈલાબહેન શરદભાઈ ડેલીવાલાના ભાઈ થાય છે. બધી વ્યવસ્થા શ્રી ત્રિમંદિરમાં કરવામાં આવી હતી. મંદિરના મેનેજર શ્રી અનિલભાઈએ પણ ખૂબ સરસ સહકાર આપ્યો હતો.

પાછા વળતાં પણ સુરતમાં ભોજનની વ્યવસ્થા શ્રી રાજેશભાઈ વી. સંઘવીના નિવાસસ્થાને કરવામાં આવી હતી, જે બહેનશ્રી ઈલાબહેન ડેલીવાલાનું મોસાળ છે.

બંને પરિવાર ખૂબ ધર્મપ્રેમી છે અને તેઓનું સાધર્મી વાત્સલ્ય પ્રશંસનીય અને અનુમોદનીય છે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ અને અનુકૂળતાએ કોબા પધારવા આમંત્રણ આપીએ છીએ.

પાછા વળતા ધરમપુર જિલ્લાના પિંડવળ ગામની મુલાકાત લીધી હતી; જ્યાં આપણા ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ લગભગ ૪૫ વર્ષથી સંત વિનોબાજીના સર્વોદય ટ્રસ્ટના નેજા હેઠળ આદિવાસી લોકોની ખૂબ સેવા કરી રહ્યા છે. ત્યાં આશ્રમશાળા છે, જ્યાં બાળકોને સારું સંસ્કારસિંચન થાય છે. ત્યાંનું સંચાલન બહેનશ્રી સુજાતાબેન કરે છે. તેઓશ્રીને, શાળાના પ્રિન્સિપાલ તથા સૌ કાર્યકરોને આવા સત્કાર્ય માટે ધન્યવાદ પાઠવીએ છીએ. પિંડવળમાં સૌ મુમુક્ષુઓએ યથાશક્તિ યોગદાન આપ્યું હતું. આદ. શ્રી દિનેશભાઈ બાવીસીએ રૂ. ૫૧,૦૦૦નું પ્રશંસનીય યોગદાન આપ્યું હતું. ધરમપુરથી આવ્યા પછી શ્રી પ્રભુ-ગુરુકૃપાથી પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અનુકૂળ છે.

## સંસ્થામાં પરમકૃપાળુદેવના દેહોત્સર્ગદિન નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

ચૈત્ર વદ પાંચમના દિવસે સવારે આજ્ઞાભક્તિ પછી કૃપાળુદેવ વિરચિત પદોના આધારે ભાવવાહી ભક્તિ કરી. સત્સંગમાં આદરણીય શ્રી અશોકભાઈ શાહે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે મહાપુરુષોનો દેહોત્સર્ગ દિન એ પણ મંગલદિન છે. પરમકૃપાળુદેવનો આ મૃત્યુ મહોત્સવ હતો. તેઓએ પોતે જ કહ્યું છે કે ''તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય રે દિવસ આ અહો !'' જ્ઞાનીપુરુષો માટે મૃત્યુ એ એક માત્ર સ્થાનાંતરની ઘટના છે - તેને સમાધિમરણ કહી શકાય. આપણને વારંવાર આપણું મૃત્યુ કે જે નિશ્ચિત છે તે યાદ આવવું જોઈએ. પૂજ્યશ્રીએ સમાધિમરણ વિશે ''દિન રાત મેરે સ્વામી મૈં ભાવના યે ભાઉં, દેહાન્ત કે સમય મેં તુમકો ન ભૂલ જાઉં...'' પદના આધારે બોધ આપતા જણાવ્યું કે પરમકૃપાળુદેવ તથા શ્રી શાંતિસાગરજી મહારાજનું સમાધિમરણ થયું હતું. આપણે નિરંતર પરમાત્માનું સ્મરણ-ચિંતન કરતાં રહેવું જોઈએ. જેને ગ્રંથિભેદ થયો હોય તેને સમાધિમરણ થાય. સંપૂર્ણ સમાધિમરણ તે ભગવાનનો નિર્વાણકલ્યાણક છે.

બપોરે ૨.૦૦ થી ૨.૩૦ સૌએ શ્રી રાજમંદિરમાં ત્રણ મંત્રની માળાના જાપ કર્યા હતા. ત્યારબાદ બા.બ્ર.આદ.શ્રી સુરેશજીએ આપણો શાંતિપૂર્વક દેહત્યાગ થાય તે માટે કેવું જીવન જીવવું તે અંગે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

રાત્રે વિશિષ્ટ ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં સૌ મુમુક્ષુઓએ પરમકૃપાળુદેવની ભક્તિ દ્વારા ભાવસ્મરણાંજલી અર્પણ કરી હતી.

## પૂજ્યશ્રી રાકેશભાઈ ઝવેરીનું સંસ્થામાં શુભ આગમન તથા સત્સંગ સાનંદ સંપન્ન

પૂજ્યશ્રી રાકેશભાઈ સંસ્થાના નિમંત્રણને સ્વીકારી તા. ૧૮-૪-૨૦૧૫, શનિવારના રોજ સવારે ૯-૦૦ વાગ્યે કોબા પધાર્યા હતા અને સૌ સાથે જિનપૂજા કરી હતી. આદ.બા.બ્ર.શ્રી સુરેશભૈયાએ શ્રી મહાવીર પ્રભુની પૂજા લીધી હતી.

પૂજા પછી તરત જ તેઓશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૯૯નું પ્રથમ વાક્ય ''ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું''ના આધારે મનનીય ઉદ્બોધન કર્યું હતું. તેઓશ્રીએ ત્રણ મુદ્દાના આધારે સમજાવ્યું હતું કે જપ-

તપ આદિ ક્રિયા સ્વરૂપના લક્ષ સહિત કરવાની છે. ''સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો.'' સ્વરૂપલક્ષ સહિત જિનઆજ્ઞારૂપ ક્રિયાત્મક વ્યવહાર કરવાનો છે. સ્થૂલ ક્રિયાથી સૂક્ષ્મ ક્રિયા તરફ જવાનું છે. સ્વરૂપલક્ષ નહીં હોય તો ચિત્તવૃત્તિ ચૈતન્યમાં સ્થિર નહીં થાય અને તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ નહીં થાય. શુભ ભાવ અને શુભ ક્રિયાથી દૂધના માવારૂપી દેવલોક મળશે પણ દૂધપાક રૂપી મોક્ષ પ્રાપ્ત નહીં થાય. ક્રિયાત્મક વ્યવહારમાં સહજતા હોવી જોઈએ. ભાવશુદ્ધિ સહિત યોગ્ય રીતે ક્રિયા કરવાથી સમ્યક્ત્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. ક્રિયાની સફળતા માટે આપણો અભિપ્રાય બદલાવો જોઈએ, પરિણામ શુદ્ધ થવા જોઈએ. તે થવા આત્મજ્ઞાની સંતોના સંગમાં રહેવું જોઈએ તથા તેમના વચનોનો અભ્યાસ કરવો જોઈએ.

પૂજ્યશ્રી આત્માનંદજીએ તેમના પ્રાસંગિક આશીર્વચનમાં શ્રાવકના છ આવશ્યકની અગત્યતા સમજાવી હતી.

સત્સંગ પછી પૂજ્યશ્રી રાકેશભાઈની પૂજ્યશ્રી આત્માનંદજી સાથે સત્સંગ/ધર્મવાર્તા થયેલ. બન્ને સંતોના વાત્સલ્યસભર મિલનમાં પ્રસન્નતા જણાતી હતી.

હૉલમાં આદ.શ્રી જયંતભાઈ શાહ તથા આદ.શ્રી નીતિનભાઈ પારેખે પૂજ્ય રાકેશભાઈનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. અમદાવાદથી ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનો તથા શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડીના ટ્રસ્ટીશ્રીઓ સત્સંગનો લાભ લેવા પધાર્યા હતા. બે મુમુક્ષુઓ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. ભોજનપ્રસાદી લઈ સૌએ વિદાય લીધી હતી. આમ, સત્સંગનો પ્રસંગ આનંદપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

## નૂતન સાધનાકુટિરમાં કુંભસ્થાપન તથા ભક્તિનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં રહેતા આદ. બહેનશ્રી સ્નેહલતાબેનની નૂતન સાધનાકુટિરમાં તા. ૧૯-૪-૨૦૧૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પૂજ્યશ્રી આત્માનંદજી તથા મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં પ્રભુસ્મરણ સહિત કુમારિકાના હસ્તે કુંભસ્થાપન કરવામાં આવ્યું.

રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ સુધી પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં બા.બ્ર.સાધક ભાઈ-બહેનો તથા સૌ મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિ કરી હતી. ભક્તિ પછી પ્રભાવના કરવામાં આવી હતી. આખો કાર્યક્રમ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. સાંજે અલ્પાહાર સમયે સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે મુંબઈથી બહેનશ્રી સ્નેહલતાબેનના બન્ને દીકરાઓ, અમદાવાદથી તેમના ભાઈ-ભાભી તથા મિત્રો પધાર્યા હતા.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **સાધારણ ખાતુ :** આદ.શ્રી ભાનુ એસ. દોશી, મુંબઈ — રૂા. ૩૧,૦૦૦/-
- **મેડિકલ સેન્ટર :**
  - (૧) આદ.શ્રી નરેશભાઈ લાલભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-
  - (૨) આદ.શ્રી મેહુલભાઈ નરેશભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-
  - (૩) આદ.શ્રી નીતાબેન મેહુલભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-
  - (૪) આદ.શ્રી નીલ મેહુલભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-

(૫) આદ.શ્રી પિન્કીબેન નરેશભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-

(૬) આદ.શ્રી અમીબેન નરેશભાઈ શાહ, પાલડી, અમદાવાદ — રૂા. ૧૦,૦૦૦/-

## સંસ્થામાં પૂ. લઘુરાજસ્વામી દેહોત્સર્ગ દિને સ્મરણાંજલિ કાર્યક્રમ સંપન્ન

વૈશાખ સુદ અષ્ટમીના રોજ પૂજ્યશ્રી લઘુરાજસ્વામીના દેહોત્સર્ગદિન નિમિત્તે સંસ્થામાં રાત્રે શ્રી ઉપદેશામૃતના પત્રોનું વાંચન તથા ભક્તિપદો દ્વારા તેઓને ભાવવાહી સ્મરણાંજલિ અર્પી હતી. કાર્યક્રમનું સંચાલન બા.બ્ર.શ્રી સુરેશજીએ કર્યું હતું.

## સંસ્થા સ્થાપનાદિન નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

વૈશાખ સુદ દશમ ભગવાન શ્રી મહાવીરનો કેવળજ્ઞાન કલ્યાણક દિન, તે આપણી મૂળ સંસ્થા 'શ્રી સત્શ્રુત સેવા-સાધના કેન્દ્ર'નો સ્થાપના દિન છે. સંસ્થાના ૪૧મા સ્થાપના દિનના રોજ સવારે શ્રી મહાવીર પ્રભુની પૂજા કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પૂજ્ય બહેનશ્રીએ સરળ શૈલીમાં સંસ્થાના ઇતિહાસ વિશે માહિતી આપી હતી. રાત્રે સૌ મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિ કરી હતી. પૂજ્યશ્રીએ પણ ભક્તિપદો લીધા હતા, તેથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## કોલકાતામાં પરમકૃપાળુદેવના મંદિરની સ્થાપના નિમિત્તે મહોત્સવ સંપન્ન

પૂજ્ય પપ્પાજી (પૂ. પ્રવીણચંદ્ર મહેતા)ના શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રીસર્ચ સેન્ટર (પર્લી આશ્રમ)ના ઉપક્રમે કોલકાતામાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના પ્રથમ મંદિરની સ્થાપના નિમિત્તે તા. ૧૭ એપ્રિલથી ૨૧ એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન પંચાહ્નિકા મહોત્સવ ઉજવાઈ ગયો. આ મહોત્સવમાં જ્ઞાન-દર્શન - ચારિત્ર - તપની આરાધનારૂપે સત્સંગ, સ્વાધ્યાય, ભક્તિ, આગમપૂજા, વિધાન, શોભાયાત્રા, ચિત્રપટોની સ્થાપના જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો ઉલ્લાસભેર, ભાવવાહી વાતાવરણમાં યોજાયા હતા. આ કાર્યક્રમોથી મુમુક્ષુ ભાઈ-બહેનોને ઘણી પ્રેરણા અને પ્રોત્સાહન સંપ્રાપ્ત થયા.

આ પ્રસંગે આપણી સંસ્થાના પ્રતિનિધિ તરીકે આદ.શ્રી અરુણભાઈ બગડિયા તથા આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પરમકૃપાળુદેવની વિવિધ સંસ્થાઓના ટ્રસ્ટીઓ, મહાનુભાવો તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

આ મંદિરમાં પરમકૃપાળુદેવ ઉપરાંત, પ્રભુ મહાવીર, પ્રભુશ્રીજી, પૂ. સોભાગભાઈ તથા રાજ પરિવારના આશ્રમોના સંતોના ચિત્રપટોની સ્થાપના કરવામાં આવી છે. પૂજ્યશ્રી આત્માનંદજીએ ખૂબ વાત્સલ્યભાવે મંગલભાવના અને આશીર્વાદ રૂપ સંદેશો મોકલ્યો હતો.

## સાભાર સ્વીકાર

આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા સેવાભાવી મુમુક્ષુ મુરબ્બી આદ.શ્રી કરસનકાકા (ધણપ) તરફથી સંસ્થાને ૨૦૦ કિલો ઘઉં દાનરૂપે મળેલ છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

## મુંબઈમાં યોજાયેલી ડો. કુમારપાળ દેસાઈની શ્રી હેમચંદ્રાચાર્ય કથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા દર વર્ષે વિખ્યાત સાહિત્યકાર અને જૈનદર્શનના પ્રખર ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈની જુદા જુદા વિષય પર ત્રણ દિવસની કથાનું આયોજન કરવામાં આવે છે. 'મહાવીર

કથા', 'ગૌતમકથા', 'ઋષભકથા', 'નેમરાજુલ કથા' અને 'પાર્શ્વપદ્માવતી કથા' એમ છેલ્લા પાંચ વર્ષથી સતત ત્રણ દિવસ ચાલતી આ કથાનું મુંબઈના ભારતીય વિદ્યાભવનમાં આયોજન કરવામાં આવ્યું. એ જ શૃંખલામાં આ વર્ષે ૨૯-૩૦-૩૧ માર્ચના રોજ સતત ત્રણ દિવસ સુધી 'શ્રી હેમચંદ્રાચાર્ય કથા'નું આયોજન કરવામાં આવ્યું; જેમાં ડૉ. કુમારપાળભાઈએ ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, સંસ્કાર, સમાજ ક્ષેત્રે અજોડ પ્રભાવ પાડનારી અનન્ય વિભૂતિ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની જીવનકથા અને વિરાટ વિદ્વત્તાનું શ્રોતાજનોને રસપાન કરાવ્યું.

હૃદયસ્પર્શી પ્રસંગો, માર્મિક ચિંતન, પ્રવાહી અને સચોટ શૈલીથી શ્રોતાઓએ આ કથામાં એક જુદો જ અનુભવ કર્યો. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ હેમચંદ્રાચાર્યના જીવનનો અદ્ભુત ચિતાર આપવાની સાથોસાથ એમની અનેક સાહિત્યકૃતિઓની વિગતે વાત કરી. ગુજરાતના આ મહાન જ્યોતિર્ધર, પ્રતિભાવંત સારસ્વત, સમન્વયદૃષ્ટિ ધરાવનાર આચાર્યના જીવન અને કવનને સાંભળીને સહુ કોઈ મંત્રમુગ્ધ બની ગયા હતા. આ કથાની પરિકલ્પના શ્રી ધનવંતભાઈ શાહે કરી હતી અને એમાં સંગીતનાં સૂરો શ્રદ્ધાબહેન શ્રીધરાણીએ રેલાવ્યા હતા.

## 'જિનવાણીથી જીવનઘડતર' જ્ઞાનશિબિર

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, નવરંગપુરાના સહયોગથી જૈનદર્શન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વિનામૂલ્યે નિવાસી જ્ઞાનશિબિર 'જિનવાણીથી જીવનઘડતર' તા. ૧-૬-૨૦૧૫ થી તા. ૨૧-૬-૨૦૧૫ સુધી (૨૧ દિવસ) અને તા. ૨૩-૬-૨૦૧૫ થી તા. ૨૯-૬-૨૦૧૫ સુધી (દિવસ ૭) (ભાઈઓ તથા બહેનો માટે) રહેવા-જમવાની સુચારુ નિઃશુલ્ક વ્યવસ્થા. વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : ડૉ. હંસાબેન શાહ, મો. ૦૯૩૭૪૬૦૩૧૭૦, શ્રી મહેન્દ્રભાઈ કોઠારી, મો. ૦૯૭૧૪૨૪૨૩૩૭

**પ્રવેશપત્ર તથા તાલીમસ્થળ :** શ્રી નવરંગપુરા સ્થાનકવાસી જૈન ઉપાશ્રય - કોમર્સ કૉલેજ છ રસ્તા પાસે, જૈન ઉપાશ્રય બસ સ્ટોપ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૪૪૮૬૧૯. તાલીમનું પ્રવેશપત્ર ઈન્ટરનેટ પર ઓનલાઈન પણ ઉપલબ્ધ છે : **www.nsjsangh.org**

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** આપણી સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી સ્વ. રમણિકલાલ યુ. શેઠના નાના ભાઈ સ્વ. શ્રી જયંતિભાઈ યુ. શેઠના ધર્મપત્ની અને આપણી સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી મુકેશભાઈ શેઠના કાકી **શ્રીમતી જ્યોત્સનાબેન જે. શેઠ**નું તા. ૨૪-૪-૨૦૧૫ના રોજ ૭૮ વર્ષની વયે હાર્ટએટેકથી દેહાવસાન થયેલ છે. તેઓશ્રી પોતાના પતિદેવ સાથે આપણી સંસ્થા દ્વારા યોજાયેલ મોટી ધર્મયાત્રામાં જોડાયા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. આપણી સંસ્થામાં પ્રસંગોપાત પધારીને તેઓ સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. આદ. ડૉ. શ્રી રાજેશભાઈ સોનેજીએ જ્યોત્સનાબેનને યોગ્ય સારવાર મળી રહે તે માટે વ્યક્તિગત રસ લઈને પ્રશંસનીય સહકાર આપ્યો હતો. જ્યોત્સનાબેને કુટુંબના સભ્યોની ઉપસ્થિતિમાં સમતાપૂર્વક દેહત્યાગ કર્યો. સંસ્થાના પ્રતિનિધિ તરીકે આદ.ડૉ. રાજેશભાઈ સોનેજી તથા આદ. ડૉ. શીતલબેન સોનેજી સ્વર્ગસ્થની પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રોના ઉદ્ઘાટનની તસવીરો
(તા. ૧૨-૪-૨૦૧૫)

















Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## ઢંઢોળીએ અંતરને

- સંકલન : છીતુભાઈ ગો. ભક્ત
(વિદ્યાનગર)

હું વ્રત, એકાસણા ને ઉપવાસ કરું, પરંતુ મારા મનમાંથી ક્રોધ, ઈર્ષ્યા, નિંદા દૂર ન થાય,
તો મારું એ તપ કેટલા અંશે યોગ્ય ?

હું મંદિરે જાઉં, ફૂલો ચડાવું, માળા કરું, પરંતુ મારા અંતરમાંથી સ્વાર્થ, લોભ, મોહ નિર્મૂળ ન થાય,
તો મારી એ પૂજા કેટલી અંશે યોગ્ય ?

હું જાપ જપું, કંઠી બાંધું, ટીલા કરું, પરંતુ મારી વૃત્તિમાંથી નફરત, ક્લેશ, વિકાર નાબૂદ ન થાય,
તો મારી આ વિધિઓ કેટલા અંશે યોગ્ય ?

હું દાન આપું, થાળસામગ્રી ચઢાવું, યજ્ઞો કરું, પરંતુ મારા વર્તનમાંથી અહંકાર, માનપાન નષ્ટ ન થાય,
તો મારી આ ઉપાસના કેટલા અંશે યોગ્ય ?

હું કથા સાંભળું, સત્સંગ કરું, ધ્યાન કરું, પરંતુ મારા જીવનમાંથી દુરાચાર, દંભ, જૂઠ નિર્મૂળ ન થાય,
તો મારી આ ક્રિયાઓ કેટલા અંશે યોગ્ય ?

હું એકાંતમાં મૌન પાળું, વૈરાગ્યભાવ સેવું, પરંતુ મારા ચિત્તમાંથી રાગ-દ્વેષ, ઇચ્છાઓનું શમન ન થાય,
તો મારી એ સાધના કેટલા અંશે યોગ્ય ?

હું પ્રભુની અહોનિશ ભક્તિ કરું, પરંતુ મારા હૃદયમાં પ્રેમ, કરુણા, મૈત્રી, માનવતા પ્રગટ ન થાય,
તો મારી એ ભક્તિ કેટલા અંશે યોગ્ય ?

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

❶ સ્વ. શ્રી રસિકલાલ છગનલાલ શાહ (સિકંદરાબાદ) તથા
સ્વ. શ્રી જિતેન્દ્રભાઈ ગુલાબચંદ ઝોંસા (ઘાટકોપર, મુંબઈ)ની પુણ્યસ્મૃતિમાં
હસ્તે : આદ. શ્રીમતી નિર્મળાબેન રસિકલાલ શાહ તથા આદ. શ્રીમતી રેખાબેન જિતેન્દ્રભાઈ ઝોંસા
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

❷ સ્વ. વસંતબેન એસ. વખારિયાની પુણ્યસ્મૃતિ નિમિત્તે
હસ્તે : આદ. શ્રી તરુણભાઈ વખારિયા, મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

સુધારો : ગત અંકમાં આપેલ 'દિવ્યધ્વનિ' વિશિષ્ટ સહયોગી દાતાનું નામ અને સ્થળ આ પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી. "આદ. શ્રી રમણિકલાલ છોટાલાલ કોટક, મોરબી"

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah